અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૬ | અંક : ૨૨૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**શ્રદ્ધાળુઓનો ધસારો વધવાથી સ્થિતિ બેકાબૂ થઈ । ચક્કર આવવાથી બંને પડી ગયા, તેમને પણ સારવાર આપ્યા બાદ પાછા મોકલવામાં આવ્યા**

## વૃંદાવનમાં ભારે ભીડના કારણે પરિસ્થિતિ વણસીઃ પાંચ ભક્તો બેભાન

। (એજન્સી) વૃંદાવન, તા.૧૭ ।

ઠાકુર બાંકેબિહારી મંદિરમાં રવિવારે શ્રદ્ધાળુઓનો ધસારો વધવાથી સ્થિતિ બેકાબૂ થઈ ગઈ. ભીડની વચ્ચે દબાઈને એક મહિલા શ્રદ્ધાળુનો પગ ફ્રેક્ચર થઈ ગયો. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. પાંચ અન્ય મહિલા શ્રદ્ધાળુઓની પણ હાલત બગડી ગઈ. મંદિર પર હાજર ડોક્ટરોની ટીમે તમામને સારવાર આપી.

જે બાદ હાલતમાં સુધારો થયો. સતત વધી રહેલી ભીડના કારણે તંત્ર અને સુરક્ષાની વ્યવસ્થા અપૂરતી નજર આવી.

હોળી પર ઠાકુરજીના દર્શન માટે ભક્તોની ભીડ વૃંદાવન પહોંચી રહી છે. રવિવારે રજાના કારણે શ્રદ્ધાળુઓની સંખ્યા એટલી વધી ગઈ કે તેને કાબૂ કરવી મુશ્કેલ થઈ ગઈ. ધક્કા-મુક્કીની વચ્ચે મંદિર પરિસર અને બહાર સુધી સ્થિતિ બેકાબૂ નજર આવી. આ દરમિયાન કોલકાતાથી દર્શન કરવા આવેલી નેહા ગુપ્તા પડી ગયા. જ્યાં સુધી તેમને ઉઠાવવામાં આવે ત્યાં સુધી ઘણા શ્રદ્ધાળુ તેમના પગની ઉપરથી પ સાર થઈ ગયા. તેમને પગમાં ઈજા પહોંચી.



તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમના પગમાં ફ્રેક્ચર થવાની વાત સામે આવી છે. બીજી તરફ આખો દિવસ મહિલા શ્રદ્ધાળુઓની ભીડની વચ્ચે હાલત ખરાબ થતી રહી. મંદિર દર્શન દરમિયાન દિલ્હીથી આવેલી નિકિતા ભીડમાં ફસાઈ ગઈ. ગભરામણના કારણે તે બેહોશ થઈ ગઈ. આ સિવાય કોલકાતાના રહેવાસી વૃદ્ધા ગાયત્રી અને તેમની પુત્રી મૌની પણ બેભાન થઈ ગઈ. ત્રણેયને મંદિર પર હાજર ટીમે સારવાર આપી, જે બાદ તેમની સ્થિતિમાં સુધારો થયો. સાંજે દર્શન દરમિયાન હાપુડની તૃષા શર્મા અને શીતલની તબિયત પણ ભીડના કારણે બગડી ગઈ. ચક્કર આવવાથી બંને પડી ગયા. તેમને પણ સારવાર આપ્યા બાદ પાછા મોકલવામાં આવ્યા.

બાંકેબિહારી મંદિરમાં સુરક્ષા વ્યવસ્થા માટે તહેનાત પોલીસ કર્મચારી પણ ભીડના કારણે લાચાર નજર આવ્યા. ભીડ એટલી વધું હતી કે પોલીસ કર્મચારી પોતે તેમની વચ્ચે ફસાઈ રહ્યાં. ભીડને જોતાં પોલીસની વ્યવસ્થા ઓછી પડી રહી છે.

જ્યાં સુધી તંત્ર કોઈ નક્કર પગલાં નહીં ઉઠાવે ત્યાં સુધી સ્થિતિમાં સુધારો મુશ્કેલ છે.

ગયા અઠવાડિયે જ બાંકેબિહારી મંદિર પર સુરક્ષા વ્યવસ્થા અને શ્રદ્ધાળુઓની ગણતરી કરવા માટે ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર મશીન લગાવાયું હતું પરંતુ ભીડનું દબાણ વધવાથી શનિવાર સાંજે આ મશીન ખરાબ થઈ ગયું. રવિવારે મંદિર તંત્રએ મશીનને હટાવવું પડ્યું. તેનાથી મંદિરની સુરક્ષા પર પણ અસર પડી રહી છે.

## દિલ્હીમાં ૪.૦ તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ફફડાટ

**ભૂકંપ એટલા જોરદાર હતા કે ઇમારતો ધ્રુજવા લાગી અને લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી આવ્યા, ઝાડ પર બેઠેલા પક્ષીઓ પણ મોટા અવાજો સાથે અહીં-ત્યાં ઉડવા લાગ્યા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

સોમવારે સવારે દિલ્હીમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. પૃથ્વી ઘણી સેકન્ડ સુધી હચમચાવતી રહી. લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી ગયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦ માપવામાં આવી હતી, તેનું કેન્દ્ર દિલ્હી નજીક પૃથ્વીથી ૫ કિલોમીટર નીચે હતું. એટલા માટે જોરદાર ભૂકંપ અનુભવાયા હતા. થોડીક સેકન્ડ સુધી ચાલેલા ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે ઈમારતોની અંદર તીવ્ર કંપન અનુભવાયા. સવારે ૫:૩૬ વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા આવ્યા હતા, જેનાથી લોકોની ઊંઘ હરામ થઈ ગઈ.એક અધિકારીએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર ધૌલા કુઆનમાં દુર્ગાબાઈ દેશમુખ કોલેજ ઓફ સ્પેશિયલ એજ્યુકેશન નજીક હતું. અધિકારીએ જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ જ્યાં હતું તેની નજીક એક તળાવ છે. આ પ્રદેશમાં દર બે થી ત્રણ વર્ષે એક વાર નાના અને ઓછી તીવ્રતાના ભૂકંપ આવે છે. તેમણે કહ્યું કે, ૨૦૧૫માં અહીં ૩.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

## દહેજમાં સ્કોર્પિયો કાર અને ૨૫ લાખ રોકડ ન મળતાં પરિણીતાને HIV સંક્રમિત ઇન્જેક્શન આપ્યું

। સહારનપુર, તા.૧૭ ।

ઉત્તર પ્રદેશના સહારન પુર જિલ્લાના ગંગોહ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક મહિલાએ તેના સાસરિયાઓ પર ચોંકાવનારો આરોપ લગાવ્યો છે. પીડિતાએ જણાવ્યું કે જ્યારે તેની દહેજમાંગણી પૂરી ન થઈ, ત્યારે તેના સાસરિયાઓએ તેને ૐફ સંક્રમિત ઈન્જેક્શન આપ્યું. જેના કારણે તેમની હાલત ગંભીર બની ગઈ છે. પીડિતાની ફરિયાદના આધારે, પોલીસે IPC ની કલમ ૩૦૭, ઘરેલુ હિંસાથી મહિલાઓના રક્ષણ અધિનિયમ અને દહેજ પ્રતિબંધ અધિનિયમ હેઠળ કેસ નોંધ્યો છે. સ્ટેશન હાઉસ ઓફિસર રોઝંત ત્યાગીએ જણાવ્યું કે પીડિતાના પિતાએ જણાવ્યું કે તેમની પુત્રી સોનલના લગ્ન ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ ઉત્તરાખંડના હરિદ્વારના રહેવાસી અભિષેક સાથે થયા હતા. તેણે દહેજમાં પોતાની ક્ષમતા કરતાં વધુ રોકડ, ઘરેણાં અને એક કાર આપી. પરંતુ તેના સાસરિયાં નાખુશ હતા. તે તેની પુત્રી પાસેથી સતત ૨૫ લાખ રૂપિયા રોકડા અને વધારાની સ્કોર્પિયો કારની માંગણી કરી રહ્યો હતો. પીડિતાના પરિવારે આ માંગણીઓ પૂરી કરવાનો ઈનકાર કર્યો હતો. આનાથી ગુસ્સે થઈને, સોનલના સાસરિયાઓએ તેને ઘરમાંથી કાઢી મૂકી. તેને માનસિક અને શારીરિક રીતે ક્રૂર ત્રાસ આપવામાં આવ્યો.

## રાષ્ટ્રીય પક્ષોમાં ચૂંટણી ભંડોળનો ૭૫ ટકા હિસ્સો ભાજપનો!

**જે પક્ષો દ્વારા ECI ને સુપરત કરાયેલ તેમના વાર્ષિક ઓડિટ અહેવાલમાં જાહેર કરવામાં આવ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

રાજકીય પક્ષો પાસે ભંડોળના અનેક સ્ત્રોત હોય છે અને તેથી જવાબદારી અને પારદર્શિતા તેમના કાર્યપદ્ધતિનો એક મહત્વ પૂર્ણ પાસું હોવું જોઈએ. વ્યાપક અને પારદર્શક હિસાબી પદ્ધતિઓ અને પ્રણાલીઓ હોવી જરૂરી છે જે પક્ષોની સાચી નાણાકીય સ્થિતિ જાહેર કરે. ભારતીય ચૂંટણી પંચ એ ૧૯ નવેમ્બર ૨૦૧૪ ના રોજ તમામ રાજકીય પક્ષોના પ્રમુખો/જનરલ સેક્રેટરીઓને સંબોધિત પત્રમાં જણાવ્યું હતું કે પક્ષો માટે તેમના ઓડિટેડ અહેવાલોની વિગતો કમિશનને સબમિટ કરવી ફરજિયાત છે. આ અહેવાલ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સર્વ-રાષ્ટ્રીય પક્ષો દ્વારા સમગ્ર ભારતમાં કરવામાં આવેલી કુલ આવક અને ખર્ચનું વિશ્લેષણ કરે છે, જે પક્ષો દ્વારા ECI ને સુપરત કરાયેલ તેમના વાર્ષિક ઓડિટ અહેવાલમાં જાહેર કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય પક્ષોમાં ભારતીય જનતા પાર્ટી , ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ બહુજન સમાજ પાર્ટી ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) CPI(M), આમ આદમી પાર્ટી અને રાષ્ટ્રીય પીપલ્સ પાર્ટી નો સમાવેશ થાય છે. પક્ષો માટે વાર્ષિક ઓડિટેડ હિસાબો રજૂ કરવાની અંતિમ તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ હતી. ફક્ત BSP, NPEP અને AAP એ સમયસર તેમના ઓડિટ અહેવાલો સબમિટ કર્યા હતા જ્યારે CPI(M), INC અને BJP એ અનુક્રમે ૧૨ દિવસ, ૫૩ દિવસ અને ૬૬ દિવસના વિલંબ પછી સબમિટ કર્યા હતા. ભાજપે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૪૩૪૦.૪૭૩ કરોડ રૂપિયાની આવક જાહેર કરી હતી પરંતુ તેમાંથી માત્ર ૫૦.૯૬% ખર્ચ કર્યો હતો, જે ૨૨૧૧.૬૯૮ કરોડ રૂપિયા હતો. INC ની કુલ આવક ૧૨૨૫.૧૧૯કરોડ રૂપિયા હતી, જ્યારે વર્ષ માટે તેનો ખર્ચ ૧૦૨૫.૨૪૮ કરોડ રૂપિયા હતો, જે તેની કુલ આવકના ૮૩.૬૯% છે. સીપીઆઈ(એમ)ની કુલ આવક ૧૬૭.૬૩૬ કરોડ રૂપિયા હતી જ્યારે પાર્ટીએ ૧૨૭.૨૮૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા, જે તેની આવકના ૭૫.૯૩% છે. બસપ ાની કુલ આવક ૬૪.૭૭૯૮ કરોડ રૂપિયા હતી, જ્યારે વર્ષ માટે તેનો ખર્ચ ૪૩.૪૮૯ કરોડ રૂપિયા હતો, જે તેની કુલ આવકના ૬૬.૬૭% છે. રાષ્ટ્રીય પક્ષોની કુલ આવક તેમના વાર્ષિક ઓડિટ અહેવાલોમાં રજૂ કરાયેલા વિવિધ સ્ત્રોતોમાંથી આવકમાંથી સંકલિત કરવામાં આવી છે. ૬ રાષ્ટ્રીય પક્ષો (ભાજપ, કોંગ્રેસ, સીપીઆઈ(એમ), આપ, બસપા અને એનપીઈપી) એ સમગ્ર ભારતમાંથી એકત્રિત કરાયેલી કુલ ૫૮૨૦.૯૧૨ કરોડ રૂપિયાની આવક જાહેર કરી છે.

**શિક્ષણ બોર્ડે આપી જાણકારી**

## ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મળશે આજથી હોલ ટિકિટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

૨૭ ફેબ્રુઆરીથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. બોર્ડની પરીક્ષા આપ નારા વિદ્યાર્થીઓ પોતાની હોલટિકિટ આજથી ડાઉનલોડ કરી શકશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આજથી શાળાઓ બોર્ડની વેબસાઈટ પરથી હોલટિકિટ ડાઉનલોડ કરી શકશે.

બાદમાં શાળાઓ દ્વારા સહી-સિક્કા કરીને આ હોલટિકિટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને આપવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે આપેલી માહિતી પ્રમાણે ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનાર પરીક્ષા માટે હોલટિકિટ ૧૭ ફેબ્રુઆરીથી ડાઉનલોડ કરી શકાશે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ સ્કૂલ પાસેથી આ હોલટિકિટ મેળવી લેવાની રહેશે. સ્કૂલ બોર્ડની વેબસાઈટ જજષ.પ્ન્નજીહ્વરૈ.હ અથવા હ્વજીહ્વરૈ.હ અથવા હ્વજીહ્વ.ૈપ્તિ પરથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે.

શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી હોલટિકિટ ડાઉનલોડ કરવાની રહેશે. ત્યારબાદ તેમાં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડવાનો રહેશે. હોલટિકિટમાં પરીક્ષાર્થીની સહી, વર્ગ શિક્ષકની સહી અને સ્કૂલના આચાર્યના સહી-સિક્કા કરવાના રહેશે. પરીક્ષા દરમિયાન આ હોલટિકિટ દર્શાવીને જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

**જશાધર ગામમા ખેતરમાં રમતી વખતે બાળકી પર હુમલો કર્યો**

## ગીર સોમનાથમાં દીપડાએ ૫ વર્ષની બાળકીને ફાડી ખાધી

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૭ ।

ગીર સોમનાથ, અમેરલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, દ્વારકામાં દીપડાનો સતત આતંક વધતો જઈ રહ્યો છે. ખુલ્લેઆમ ફરતા દીપડાથી ગ્રામજનોમાં ભય ફેલાયેલો રહ્યો છે. ત્યારે ગીર સોમનાથના જશાધર ગામમાં ગઈકાલે ખેતરમાં રમતી બાળકી પર દીપડાએ હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન બાળકી લોહીલુહાણ થઈ જતાં તેને સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ જીંદગી સામે ઝઝૂમતી બાળકી આખરે હારી ગઈ હતી. પરિવારમાં દીકરીના મોતને લઈ માતા પિતા અને પરિવારજનો આક્રંદ કરી રહ્યાં છે. બીજી બાજુ દીપડાના હુમલા કર્યાની ગણતરીના કલાકોમાં વન વિભાગના અધિકારીઓએ પાંજરે પૂર્યો હતો. દીપડાને જશાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે. અવારનવાર દીપડાના હુમલો કર્યો હોવાની ઘટના સામે આવતી હોય છે, એવામાં સૌરાષ્ટ્રમાં સૌથી વધારે દીપડાના હુમલાની ઘટનાઓ બનતી રહે છે. ખાસ કરીને ગીર સોમનાથ વિસ્તારમાં આ દીપડાના આતંકની ઘટના છેલ્લા કેટલાક સમયથી વધી ગયી છે.થોડા મહિનાઓ અગાઉ ૮૦ વર્ષીય વૃદ્ધા પર દીપડાએ હુમલો કર્યો હતો.

**સાબરમતીના ગોપાલનગરના બનાવ**

## બહારગામ ગયેલા વડીલોના મકાનોને ટાર્ગેટ કરી ૧૮.૫૩ લાખની ચોરી થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

રાણીપમાં રાજેશ્વરી સોસાયટીમાં સુરેશભાઈ પંડ્યા પત્ની સાથે રહે છે. તેમના બે પુત્રો ઓસ્ટ્રેલિયા અને દુબઈમાં રહે છે. ૧૧ ફેબ્રુઆરીએ તે પત્ની સાથે ભાવનગર ખાતે માતાજીના હવનમાં ગયા હતા. બીજા દિવસે ગઢડા ખાતે સાસરે ગયા હતા. જ્યાંથી ધોળકા ખાતે સાળીના ત્યાં જઈને રોકાયા હતા. તેવામાં રવિવારે સવારે તેમના ભત્રીજાએ ફોન કર્યો હતો. ભત્રીજાએ જણાવ્યુ કે તે ત્યાંથી પસાર થતો હતો ત્યારે ઘરના દરવાજાનું તાળુ તુટેલુ જોતા તેણે તપાસ કરી તો સામાન વેર વિખેર હાલતમાં હતો. ઘરમાં રહેલી તીજોરીઓ પણ ખુલ્લી હતી. જેથી સુરેશભાઈ સાળીના ત્યાંથી નીકળીને અમદાવાદ ખાતેના ઘરે આવી ગયા હતા. તસ્કરો રૂ. ૧૧.૬૭ લાખની મતા ચોરી ફરાર થઈ ગયા હતા. અન્ય બનાવમાં મુળ હરિયાણાના દેવદત્તભાઈ શર્મા ઓએનજીસીમાં જીઓલોજી સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવ્યા બાદ નિવૃત જીવન ગુજારે છે.

**ટ્રમ્પે ‘ઊર્જામાં પ્રભુત્વ’ માટે નવી કાઉન્સિલ બનાવી**

## અમેરિકાનાં ૧૪ રાજ્યોએ પ્રેસિડેન્ટ ટ્રમ્પ સામે બંડ પોકાર્યુ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને અબજોપતિ એલન મસ્ક સાથેની મિત્રતા ભારે પડે તેમ છે. ૧૪ રાજ્યોએ ફેડરલ કોર્ટમાં એક કેસ દાખલ કરીને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ના વડા તરીકે મસ્કની નિમણૂકને ગેરબંધારણીય ગણાવીને તેને પડકારી છે. કોર્ટમાં કેસ દાખલ કરનારામાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના બે ગવર્નરનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પે કાર્યક્ષમતામાં વધારો કરવા અને સરકારી કર્મચારીઓ અને વિભાગોમાં કાપ મૂકવા માટે આ નવા ડિપાર્ટમેન્ટની રચના કરેલી છે. ન્યૂ મેક્સિકોની આગેવાની હેઠળના રાજ્યોએ આરોપ મૂક્યો છે કે એલન મસ્ક અરાજકતાના એજન્ટ છે. DOGEના વડા તરીકે મસ્કને અમર્યાદ સત્તાથી અપાયેલી છે અને આ સત્તા અમેરિકાના બંધારણનું ઉલ્લંઘન કરે છે. વોશિંગ્ટન, ડી.સી.ની ફેડરલ કોર્ટમાં ગુરુવારે દાખલ કરાયેલ કેસમાં જણાવાયું છે કે સરકારી કર્મચારીઓની મોટા પાયે છટણી કરવાની અને સમગ્ર વિભાગોને ખતમ કરવાની મસ્કને અમર્યાદિત અને નિરંકુશ સત્તા અપાઈ છે, જે દેશની આઝાદી માટે લડત ચલાવનારા લોકો માટે આઘાતજનક છે. બિનચૂંટાયેલા વ્યક્તિના હાથમાં તમામ સત્તાઓના કેન્દ્રીયકરણથી લોકશાહી માટે મોટો ખતરો ઊભા થાય છે.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## દરભંગા-અમદાવાદ ક્લોન સ્પેશિયલ ટ્રેન વટવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે

। અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલવે ના અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટ કાર્યના સંદર્ભમાં આરએલડીએ દ્વારા પ્રસ્તાવિત બ્લોકને કારણે, ૩ માર્ચ ૨૦૨૫ થી આગામી સૂચના સુધી દરભંગા-અમદાવાદ સાપ્તાહિક ક્લોન સ્પેશિયલ ટ્રેન વટવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. ટ્રેનો ના સમયપત્રક મુજબ મુસાફરોની સુવિધા માટે વટવા સ્ટેશન થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા વિવિધ સ્થળો માટે એએમટીએસ બસોની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

**શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ**

૩ માર્ચ ૨૦૨૫ થી આગળ ની સૂચના સુધી, દરભંગાથી ચાલતી ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સાપ્તાહિક ક્લોન સ્પેશિયલ વટવા સ્ટેશન પર (૧૬.૨૫ કલાકે) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં. મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## UKમાં નોકરી આપવાના બહાને યુવાન સાથે રૂ.૩૯ લાખની છેતરપિંડી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ગાંધીનગરના સેક્ટર ૧૧માં આવેલી સનલુમિયા ઓવરસીઝના એજન્ટ દ્વારા પેથાપુરના યુવાનને કેનેડાના વિઝા અને ત્યારબાદ યુકેમાં નોકરી અપાવવાના બહાને કુલ ૩૯ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. જે સંદર્ભે હાલ સેક્ટર ૭ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. વિદેશમાં મોકલવાની લાલચ આપીને હાલ એજન્ટો દ્વારા લાખો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી રહી છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેર નજીક પેથાપુરમાં આવેલી માધવ વિહાર સોસાયટીમાં રહેતા જયદીપસિંહ વિક્રમસિંહ વાઘેલા આ જ પ્રકારની છેતરપિંડીનો ભોગ બન્યા છે તેમણે સેક્ટર ૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ ૨૦૨૨ના ઓક્ટોબર મહિનામાં તેમને કેનેડા જવાનું હોવાથી મૂળ લોદરા ગામના અને સેક્ટર ૧૧માં સુમન ટાવર ખાતે સનલુમિયા ઓવરસીઝ ચલાવતા જૈમીન રમણભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો અને કેનેડા માટે સાત લાખ રૂપિયા આપ્યા હતા પરંતુ તેનું કામ થયું ન હતું. જોકે ત્યારબાદ આ જૈમીને કેનેડા જવા માટે તારે ઘણો સમય થશે તેના કરતાં યુકે જઈ આવ તેમ કહ્યું હતું અને તે પેટે નોકરી અને વિઝા મળીને ૩૨ લાખ રૂપિયામાં કામ કરવાની વાત કરી હતી.

### ગ્લુ ટ્રેપના ખરીદ, વેચાણ, ઉત્પાદન પર પ્રતિબંધનો અમલ કરાવવા થયેલી રિટ

# ગ્લુ ટ્રેપ : સરકાર, અરજદારને સ્પષ્ટ જોગવાઇઓ જણાવવા કોર્ટની ટકોર

### અરજદારે જણાવ્યું હતું કે, પાલતુ પ્રાણીઓને આ ગ્લુ ટ્રેપ ચોટે તો તેના માટે પણ સર્જરી કરાવી પડે છે

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

ગ્લુ ટ્રેપના ખરીદ, વેચાણ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂકવાની દાદ માગતી રિટ પિટિશનમાં હાઈકોર્ટ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ચીફ જસ્ટિસની ખંડપીઠે સરકારને સવાલ કર્યો હતો કે ગ્લુ ટ્રેપના પ્રતિબંધની જોગવાઈઓ કરેલી છે, તો તેના અમલ માટે શું કરવામાં આવી રહ્યું છે.

આ કેસમાં બંને તરફથી થયેલી દલીલો અને હાઈકોર્ટના સવાલોના અંતે કોર્ટે સમગ્ર મામલે સ્પષ્ટ જોગવાઈઓ જણાવી રજૂઆત કરવાનું કહી કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં મુકરર કરી છે. સામાજિક કાર્યકર અને ઈૅ એક્ટિવિસ્ટ નરેન્દ્રસિંહ રાણાએ એડવોકેટ ધર્મેશ ગુર્જર મારફતે જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જેમાં સરકારે અગાઉ એક એફિડેવિટ રજૂ કરીને કહ્યું હતુ કે, મુજબ રાજ્યના ૩૩ જિલ્લામાં ગ્લુ ટ્રેપના ખરીદ, વેચાણ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધના કડક અમલીકરણ માટે સૂચના આપી દેવામાં આવી છે.અરજદારે અરજીમાં જણાવ્યું હતુ કે, ગુજરાત રાજ્યમાં અને સંપૂર્ણ દેશમાં ગ્લુ ટ્રેપના ઉપયોગ, વેચાણ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધ છે.

પ્રિવેન્શન ઓફ ધ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ ૧૯૬૦ અંતર્ગત ઈૅછની અરજી ઉપર ગુજરાત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડ દ્વારા ૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ પરિપત્ર બહાર પાડીને તેના ઉપર પ્રતિબંધ મૂક્યો છે. તેના કડક અમલીકરણ માટે આ અરજી કરવામાં આવી છે. અરજદારે વધુમાં જણાવ્યું હતુ કે, ગ્લુ ટ્રેપ પર ઉંદર, ખિસકોલી પક્ષીઓ વગેરે ચોંટી જાય છે. જેથી તેઓ ભૂખ, તરસથી રિબાય છે, તેમનો શ્વાસ રૂંધાય છે, તેઓ તેમાંથી નીકળી ન શકતા તેઓ પોતાના જ અંગોને બચકાં ભરે છે, જેથી ઘાયલ થવાથી તેનું લોહી વહે છે. ખૂબ જ દયનીય રીતે તેમનું મૃત્યુ થાય છે. પ્રિવેન્શન ઓફ ધ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ ૧૯૬૦ના સેક્શન ૧૧ પ્રાણીઓ પ્રત્યેની ક્રુરતાને અટકાવે છે. જે પણ નાનું પ્રાણી ગ્લુ ટ્રેપની સરફેસ ઉપર ચોંટે છે તે હલી પણ શકતું નથી. ભારત સરકારે પણ વર્ષ ૨૦૦૧ અને ૨૦૨૦માં આ સંદર્ભે સર્ક્યુલર જાહેર કરીને ગ્લુ ટ્રેપના વેચાણ, ઉપયોગ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. અરજદારે જણાવ્યું હતું કે, પાલતુ પ્રાણીઓને આ ગ્લુ ટ્રેપ ચોટે તો તેના માટે પણ સર્જરી કરાવી પડે છે.

## ડિલરે કેશથી વાહન ખરીદનાર અનેકના દસ્તાવેજનો ઉપયોગ કરી લોન લઇ લીધી

### હપ્તો ન ભર્યો હોવાથી વાહન સીઝ કરી દેવાશે તેવો ફોનો આવતા ભાંડો ફૂટ્યો, સાબરમતી પોલીસે ગુનો નોંધ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સાબરમતીમાં શાન ઓટોલીંકના ડિલર સુનિલ ચૌહાણે પૈસા સેરવવા અજબ કિમિયો અજમાવ્યો હતો. શો રૂમમાંથી જે કોઇ રોકડથી વાહન ખરીદે તેના ડોક્યુમેન્ટનો ઉપયોગ કરીને તેણે લોન મેળવી લીધી હતી. અનેક વાહન માલિકોના નામે આ પ્રકારે લોન લઈને શો રૂમ બંધ કરી દીધો હતો. સાબરમતી પોલીસે ડિલર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. લોન રિકવરી એજન્ટોએ લોન ન ભરનારાઓના વાહનો જપ્ત કરી લેતા આ બાબતનો ભાંડો ફૂટ્યો હતો. વસ્ત્રાપુરમાં રહેતા જયેશભાઇ શિંદેએ ગત ૪ મેએ સાબરમતીમાં શાન ઓટો લિંકમાંથી ૯૪ હજાર રોકડા ભરીને એક્ટિવા ખરીદ્યુ હતું. એક મહિના જયેશભાઈને આરસી બુક મળી તો તેમાં બેન્કનું નામ લખ્યુ હતું. તેમણે તપાસ કરી તો એક્ટિવા પર લોન લીધી હોવાનું જણાયું હતું. જયેશભાઈએ શાન ઓટો લિંકમાં પૂછપરછ કરતા ભૂલ હોવાથી ફરીથી નવી આરસી બુક આપીશું તેવો જવાબ આપવામાં આવ્યો હતો. તેવામાં જયેશભાઈને એક વ્યક્તિએ ફોન કરીને હપ્તો ન ભર્યો હોવાથી વાહન સીઝ કરી દેવાશે તેમ કહ્યુ હતું. જયેશભાઈએ રિકવરી કરનારને વાહન રોકડામાં ખરીદ્યુ હોવાનું કહ્યુ હોવા છતાંય તેમનું એક્ટિવા ઊઠાવીને લો ગાર્ડન ખાતેની ઓફિસે લઈ ગયા હતા. સ્ટાફે હપ્તા ભરીને છોડાવી જવાનું કહેતા જયેશભાઈએ બેંકમાં તપાસ કરી તો જોધપુર ચાર રસ્તા પર કોટક મહિન્દ્રા બેંકમાં લોન ચાલતી હોવાનું જણાયું હતું.

## ૩૮ માં રાષ્ટ્રીય રમતોમાં અમદાવાદ મંડળના રોહન કાંબલે એ હર્ડલ રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

। અમદાવાદ, તા.૧૭ ।





પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ ના મિકેનિકલ વિભાગમાં જુનિયર ક્લાર્ક ના પદ પર કાર્યરત શ્રી રોહન ગૌતમ કાંબલે એ ૮ ફેબ્રુઆરી થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે યોજાયેલી ૩૮મી રાષ્ટ્રીય રમતોમાં શાનદાર પ્રદર્શન કર્યું અને હર્ડલ રેસ માં બ્રોન્ઝ મેડલ જીત્યો. સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર (કોઓર્ડિનેશન) શ્રી જગદંબા પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું હતું કે શ્રી રોહને એથ્લેટિક્સ સ્પર્ધામાં ૪૦૦ મીટર હર્ડલ રેસમાં ભાગ લીધો હતો અને તેને ૫૧.૭૭ સેકન્ડમાં પૂર્ણ કરી હતી. આ અનોખી સફળતાએ તેમની વ્યક્તિગત ક્ષમતાઓનું પ્રદર્શન જ નહીં પરંતુ અમદાવાદ મંડળ નું નામ પણ રોશન કર્યું . મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્માએ શ્રી રોહન કાંબલેને આ ઉત્તમ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું, રોહનની મહેનત અને સમર્પણથી અમદાવાદ મંડળ ને ખૂબ ગર્વ થયો છે. અમે તેને ભવિષ્યના પ્રયાસોમાં સતત સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ. શ્રી રોહનની આ સફળતા ફક્ત તેમના એથ્લેટિક કૌશલ્યને જ પ્રમાણિત નથી કરતી પરંતુ તેમની દ્રઢતા, પ્રતિબદ્ધતા અને લગન ની પણ સાક્ષી છે. તેમના પ્રયત્નોએ સાબિત કર્યું કે સખત મહેનત અને સમર્પણથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

## ઠગે દીકરી, જમાઇને સાથે રાખી પાડોશીઓના ૫.૮૧ કરોડ ખંખેર્યા

### આ અંગે આર્થિક ગુના નિવારણ શાખાએ ઠગ અને તેમના દીકરી અને જમાઈ વિરુદ્ધમાં છેતરપિંડીની ફરિયાદ નોંધી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

વસ્ત્રાપુરના એક ઠગે દીકરી અને જમાઈ સાથે મળીને તેમના પાડોશી પરિવાર અને તેમના પરિચિતોને ઈન્સ્યોરન્સ પોલિસીમાં રોકાણ કરવી ૧૩ દિવસમાં ૧૦ ટકા જેટલું કમિશન આપવાનું કહી ટુકડે ટુકડે ૫.૮૧ કરોડ પડાવી લીધા હતા. રોકાણ કર્યા બાદ ૪.૬૦ કરોડ રૂપિયા પરત આપ્યા હતા. ઘણા રોકાણકારોના પૈસા અને કમિશન આપ્યું ન હતું. આ અંગે આર્થિક ગુના નિવારણ શાખાએ ઠગ અને તેમના દીકરી અને જમાઈ વિરુદ્ધમાં છેતરપિંડી ની ફરિયાદ નોંધી છે.વસ્ત્રાલમાં રહેતા આશાબેન ત્રિવેદીએ ક્રાઈમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી છે કે તેઓ સ્થાનિક વિસ્તારમાં માતંગી ગાર્મેન્ટસના નામે ધંધો કરે છે. તેમની સોસાયટીમાં જ નંદકિશરો સોની રહે છે. નંદકિશોર સોનીએ ઓગસ્ટ ૨૦૨૩માં આશાબેનને ઘરે બોલાવીને જણાવ્યું હતું કે તેમની દીકરી અને જમાઈ ઈન્સ્યોરન્સ પોલિસી ઉતારવાનું કામ કરે છે. જેમાં વધારે કમિશન મળે છે તેથી તમે આ ઈન્સ્યોરન્સ પોલિસીમાં રોકાણ કરશો તો તમને પણ તેમના કમિશનમાંથી કમિશન આપવામાં આવશે. તેમને વિવિધ કંપનીઓની ઈન્સ્યોરન્સ પોલિસી અંગે વાતચીત કરી હતી.

### સિનેમા ટોકીઝમાં દારૂડિયાનો હોબાળો

## 'છાવા' ફિલ્મનું સ્ક્રીનિંગ અટકાવી પડદો ફાડ્યો

। (એજન્સી) ભરૂચ, તા.૧૭ ।

ભરૂચના બ્લૂશિપ કોમ્પ્લેક્સમાં આવેલી આર.કે. સિનેમા ટોકીઝમાં ગઈકાલે રાત્રે એક અજીબોગરીબ ઘટના બની હતી. બોલિવૂડ ફિલ્મ 'છાવા'નું સ્ક્રીનિંગ ચાલી રહ્યું હતું ત્યારે એક યુવકે અચાનક હોબાળો મચાવ્યો હતો અને સિનેમાના સ્ક્રીનનો પડદો ફાડી નાખ્યો હતો. સંભાજી મહારાજની હત્યાનું દૃશ્ય જોઈને આવેશમાં આવેલા દારૂડિયા યુવકે આવું કર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી જયેશ મોહનભાઈ વસાવા નામનો યુવક ફિલ્મ જોવા આવ્યો હતો. ફિલ્મ દરમિયાન તે અચાનક ઉશ્કેરાયો અને સ્ક્રીનના સ્ટેજ પર ચઢી ગયો. થિયેટરમાં હાજર અન્ય પ્રેક્ષકોએ તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ યુવકે કોઈનું સાંભળ્યું નહીં અને પરદો ફાડવાનું ચાલુ રાખ્યું. ફાયર એક્સ્ટીંગ્યુસરથી પડદો તોડ્યો, સ્ટાફને ગાળો ભાંડી હતી.

પોલીસે જયેશ મોહન વસાવાની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, ''છાવા ફિલ્મમાં સંભાજી મહારાજની હત્યા કરવામાં આવેલી છે, જે બરાબર નથી, જેથી તેને ગુસ્સો આવી જતાં તેણે સિનેમાની બાજુમાં પડેલા ફાયર એક્સ્ટીંગ્યુસરથી પડદા પર પ્રહાર કરી સ્ક્રીનનો પડદો ફાડી નાખ્યો હતો.'' આ સાથે તેણે સિનેમા હોલના મહિલા સ્ટાફ સાથે પણ અપ શબ્દો બોલી ધમકી આપી હતી.

પોલીસે આ મામલે નશા કરવાનો ગુનો નોંધ્યો છે. થિયેટરના મેનેજરે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે સ્થળ પર પહોંચી જયેશ વસાવાની અટકાયત કરી હતી. તેની સામે નશો કરવા બાબતે ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફિલ્મમાં ઈમોશનલ સીન આવતાં તે ભાવુક થઈ ગયો હતો અને તેણે થિયેટરનો પડદો ફાડ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. થિયેટર દ્વારા પડદા ફાડવાના નુકસાન અંગે ફરિયાદ નોંધાવવામાં આવશે.

## મોરબીમાં શેરબજારમાં રોકાણના નામે લાખોની ઠગાઈ

। (એજન્સી) મોરબી, તા.૧૨ ।

મોરબીમાં શેરબજારમાં રોકાણને નામે લાખો રૂપિયાની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. જેમાં ઉમા ટાઉનશીપમાં આવેલ પરિશ્રમ એપાર્ટમેન્ટમાં રહેતા શૈલેષ ભાઈ નામના વ્યક્તિ સાથે ઠગાઈ થઈનામની વ્યક્તિ સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આરોપીએ વોટ્સએપ નંબર અને બેક્ર ખાતા નંબર પરથી ઠગાઈ કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે. આરોપીએ શેરબજારમાં સારો નફો આપવાનું કહીને આ છેતરપિંડી કરી હતી. શૈલેષભાઈ નારણભાઈ ઓધવીયાએ વોટસએપનંબર નંબર તેમજ બેક ખાતા નંબર પર થી ઠગાઈ થતા ફરિયાદ નોંધાવી હતી.ફરીયાદીનો વિશ્વાસ અને ભરોસો કેળવી ખોટુ નામ ધારણ કરી શેરબજારમાં રોકાણ કરવાના બહાને ઠગાઈ કરવામાં આવી જેમાં

## ઓએનજીસી હજીરા પ્લાન્ટ દ્વારા ઉર્જા સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ માટે સક્ષમ વોકેથોન યોજાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।




સંરક્ષણ ક્ષમતા મહોત્સવ (સક્ષમ-૨૦૨૫) ના ભાગરૂપે ONGC હજીરા કોલોનીના રહેવાસીઓએ ઉર્જા સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ માટે આજે વહેલી સવારે 'આઓ પૈદલ ચલે' થીમ પર વોકેથોન યોજી હતી. જેમાં ONGC કર્મચારીઓ, તમામ પર્યાવરણ પ્રેમી પરિવારજનો ઊર્જા કાર્યક્ષમતા, સ્વચ્છ ઉર્જા અપનાવવા અને પર્યાવરણનું રક્ષણ કરે એવા સંસાધનોના વપરાશના હેતુ સાથે મોટી સંખ્યામાં જોડાયા હતા. આ હેતુને લોકો સુધી પહોંચાડવા માટે સૌ બેનરો અને સૂત્રોચ્ચાર સાથે પગપાળા ચાલ્યા હતા. જેમાં હરિયાળા અને સ્વસ્થ ભવિષ્ય માટે નૉન-રિન્યુએબલ એનર્જી સોર્સીસને બચાવીને રિન્યુએબલ એનર્જીના ઉપયોગના પ્રોત્સાહન આપીને પ્રદૂષણ ઘટાડવાનો સંદેશ આપ્યો હતો. વોકેથોનના માધ્યમથી આજે નાના પગલાઓ આવતીકાલને સ્વચ્છ, હરિયાળી તરફ દોરી શકે છે એવો સૌએ એકસૂરે મત વ્યક્ત કર્યો હતો. ઉપરાંત, પર્યાવરણ સુરક્ષા તેમજ પુનઃપ્રાપ્ય ઉર્જાના ઉપયોગને દૈનિક જીવનનો ભાગ બનાવવા સૌ સંકલ્પબદ્ધ થયા હતા.

# ભારતમાં પ્રયાગરાજ કુંભ દરમિયાન ૧૧૪ વર્ષ પહેલા શરૂ થયી હતી દુનિયાની પ્રથમ હવાઈ ડાક સેવા : પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

### પ્રયાગ કુંભ મેળામાં ૧૮ ફેબ્રુઆરી ૧૯૧૧ ના રોજ ૬,૫૦૦ પત્રો સાથે ઉડયું હતું વિમાન, શરૂ થઈ હતી દુનિયાની પહેલી હવાઈ ડાક સેવા

। (માહિતી) ગાંધીનગર ।






સમગ્ર વિશ્વમાં ડાક સેવાઓએ ઘણી લાંબી સફર કરી છે. ભારતનું સૌભાગ્ય છે કે વિશ્વની પ્રથમ હવાઈ ડાક સેવા અહીંથી શરૂ થઈ. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ ઐતિહાસિક ઘટના ૧૧૪ વર્ષ પહેલાં ૧૮ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ પ્રયાગરાજમાં બની હતી. યોગાનુયોગ એ વર્ષે કુંભ મેળાનું પણ આયોજન થયું હતું. તે દિવસે ફ્રેન્ચ પાઈલટ મોન્સિયર હેનરી પિકેટે નવો ઈતિહાસ રચ્યો હતો. તેઓ પોતાની સાથે ૬,૫૦૦ પત્રો લઈને પ્રયાગરાજથી નૈની સુધી વિમાનમાં ઉડાન ભરી હતી. વિમાન હેવિલેન્ડ એરક્રાફ્ટ હતું અને તેણે વિશ્વની પ્રથમ સરકારી ડાક વહન કરવાના નવા યુગની શરૂઆત કરી હતી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના જણાવ્યા મુજબ, તે દિવસે ડાક ની ઉડાન જોવા માટે લગભગ એક લાખ લોકો પ્રયાગરાજમાં એકઠા થયા હતા જ્યારે સાંજે ૫.૩૦ વાગ્યે એક વિશેષ વિમાને યમુના નદીના કિનારેથી ઉડાન ભરી અને નદી પાર કરીને ૧૫ કિલોમીટરનું અંતર કાપ્યું અને પ્રયાગરાજની બહારની સેન્ટ્રલ જેલની નજીક આવેલા નૈની જંકશન પાસે ઉતર્યું. કાર્યક્રમનું સ્થળ એક કૃષિ અને વેપાર મેળો હતું જે નદીના કિનારે યોજાયો હતો અને તેનું નામ 'યુપી પ્રદર્શન' હતું. આ પ્રદર્શનમાં બે ફ્લાઈંગ મશીન પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. કેટલાક બ્રિટિશ અધિકારીઓ દ્વારા આ વિમાનની આયાત કરવામાં આવી હતી. તેના જુદા જુદા ભાગો હતા જે સામાન્ય લોકોની હાજરીમાં પ્રદર્શન સ્થળ પર ભેગાં કરવામાં આવ્યા હતા. ૧૧૪ વર્ષ પહેલા પ્રયાગરાજથી નૈની જંકશન સુધીની હવાઈ સફર માત્ર ૧૩ મિનિટમાં પૂર્ણ થઈ હતી.

પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ ફ્લાઈટની ઉડાન માત્ર છ માઈલની હોવા છતાં આ ઘટનાને લઈને પ્રયાગરાજમાં ઐતિહાસિક ઉજવણીનો માહોલ હતો. બ્રિટિશ અને કોલોનિયલ વિમાન કંપનીએ જાન્યુઆરી ૧૯૧૧માં તેનું એક વિમાન પ્રદર્શન માટે ભારતમાં મોકલ્યું હતું, જે સંયોગથી પ્રયાગરાજ પહોંચ્યું ત્યારે કુંભ મેળો પણ ચાલી રહ્યો હતો. તે એવો સમય હતો જ્યારે વિમાન જોવું તો દૂર, બહુ ઓછા લોકોએ તેના વિશે બરાબર સાંભળ્યું હતું. આવી સ્થિતિમાં આ ઐતિહાસિક અવસરે ભારે ભીડ જામે તે સ્વાભાવિક હતું. આ સફરમાં હેનરીએ, ન માત્ર ઈતિહાસ રચ્યો પણ પહેલીવાર આકાશમાંથી દુનિયાનો સૌથી મોટો પ્રયાગ કુંભ પણ જોયો.

ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવના જણાવ્યા અનુસાર, કર્નલ વાય. વિધમે પ્રથમ વખત પોસ્ટલ સત્તાવાળાઓનો સંપર્ક કરીને હવાઈ માર્ગે કેટલીક મેલ બેગ મોકલાવવી હતી, જેને તત્કાલીન ડાક વડાએ ખુશીથી મંજૂરી આપી હતી. મેલ બેગ પર 'ફર્સ્ટ એર મેઈલ' અને 'ઉત્તર પ્રદેશ પ્રદર્શન, અલ્હાબાદ' લખેલું હતું. તેના પર એક વિમાનની તસવીર પણ પ્રકાશિત કરવામાં આવી હતી. તેના પર પરંપરાગત કાળી શાહીને બદલે મેજેંટા શાહીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આયોજકો તેના વજનને લઈને ખૂબ જ ચિંતિત હતા, જેને પ્લેનમાં સરળતાથી લઈ જઈ શકાય છે. દરેક પત્રના વજન પર પણ પ્રતિબંધ હતો અને સાવચેતીપૂર્વક ગણતરી કર્યા પછી માત્ર ૬,૫૦૦ પત્રોને જ લઈ જવાની મંજૂરી આપવામાં આવી હતી. પ્લેનને તેના ગંતવ્ય સુધી પહોંચવામાં ૧૩ મિનિટનો સમય લાગ્યો હતો.

શ્રી કૃષ્ણ કુમાર યાદવે, જેમણે ભારતમાં ડાક સેવાઓ પર ઘણા લેખો અને પુસ્તક લખ્યા છે, 'ઇન્ડિયા પોસ્ટઃ ૧૫૦ ગ્લોરિયસ યર્સ', જણાવ્યું હતું કે આ પ્રથમ એર મેઈલ સેવા માટે વિશેષ ફી છ આના રાખવામાં આવી હતી અને તેમાંથી થતી આવક ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ હોસ્ટેલ, અલ્હાબાદને દાનમાં આપવામાં આવી હતી. આ સેવા માટે અગાઉથી પત્રોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે પત્રોનું બુકિંગ ૧૮મી ફેબ્રુઆરીના રોજ બપોર સુધી કરવામાં આવ્યું હતું. ઓક્સફર્ડ કેમ્બ્રિજ હોસ્ટેલમાં પત્ર બુકિંગ માટે એટલી ભીડ હતી કે તેની હાલત નાની જીપીઓ જેવી થઈ ગઈ હતી. પોસ્ટલ વિભાગે પણ અહીં ત્રણ-ચાર કર્મચારીઓને તૈનાત કર્યા હતા. થોડા જ દિવસોમાં હવાઈ સેવા માટેના ૩,૦૦૦ પત્રો હોસ્ટેલમાં પહોંચી ગયા. એક પત્રની સાથે ૨૫ રૂપિયાની ટપાલ ટિકિટ જોડાયેલી હતી. પત્રો મોકલનારાઓમાં પ્રયાગરાજની ઘણી પ્રખ્યાત હસ્તીઓ હતી, રાજાઓ અને રાજકુમારો પણ હતા. આજે વિશ્વભરમાં સંદેશાવ્યવહારના ઘણા માધ્યમો છે, પરંતુ પત્રોની જીવંતતાનું પોતાનું અલગ સ્થાન છે. આ પત્રો તેમના સમયના જીવંત દસ્તાવેજો છે. આમાંથી કેટલાક પત્રો સાહિત્યના પાનામાં રૂપાંતરિત થયા. આજે, વિમાન દ્વારા દેશ અને વિશ્વમાં ડાક પહોંચી રહી છે, પરંતુ તેનો ઈતિહાસ કુંભ અને પ્રયાગરાજ સાથે અતૂટ રીતે જોડાયેલો છે. આ પત્રો એવા સમયે વૈશ્વિકરણની વિભાવનાને વ્યાખ્યાયિત કરે છે જ્યારે વિદેશ જવું પણ એક દુઃસ્વપ્ન હતું. હવાઈ મેલ સેવાએ માત્ર પત્રોને જ પાંખો નથી આપી પરંતુ લોકોના સપનાઓને ઉડાન પણ આપી છે. ભારત અને વિદેશ વચ્ચે બનેલી વિવિધ ઐતિહાસિક ઘટનાઓ સાથે જોડાયેલી માહિતી અને પાસાઓને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં હવાઈ મેઈલ સેવાનું યોગદાન હંમેશા અવિસ્મરણીય રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રમ્પની જાહેરાત બાદ એક ઝાટકે ઓઇલની કિંમતોમાં ઘટાડો



## સોમવારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨૦ સેન્ટ્સ અથવા ૦.૨% ઘટીને ૭૪.૫૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલું યુદ્ધ હવે પૂરું થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સમજૂતી ઈચ્છે છે અને આ માટે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે કહ્યું છે કે, 'હું આ મામલે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ મળીશ.' આ મુલાકાત સાઉદી અરબમાં થશે. એવામાં હવે રશિયા અને યુક્રેન વચ્ચે સંભવિત શાંતિ સમજૂતીના કારણે ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી રહી છે. ટ્રમ્પના ટેરિફની અસર ક્રૂડ ઓઈલની કિંમતો પર પણ પડી રહી છે. સોમવારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨૦ સેન્ટ્સ અથવા ૦.૨% ઘટીને ૭૪.૫૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વહીવટી અધિકારીઓએ યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે રશિયા સાથે વાતચીત શરૂ કરી ત્યારથી બ્રેન્ટ ક્રૂડના ભાવ ચાર સત્રોમાં ૩.૧% ઘટ્યા છે.તેમજ અમેરિકાનું વેસ્ટ ટેક્સાસ ક્રૂડ સોમવારે ૨૩ સેન્ટ અથવા ૦.૩% ઘટીને $70.51 પ્રતિ બેરલ પર હતું. WTI છેલ્લા ચાર સત્રોમાં ૩.૮% ઘટ્યું છે અને સોમવારે ઘટીને $70.12 પ્રતિ બેરલ થઈ ગયું છે. ૩૦ ડિસેમ્બર પછી WTIમાં આ સૌથી મોટો ઘટાડો છે. રોઈટર્સ અનુસાર, નિસાન સિક્યોરિટીઝના એકમ એનએસ ટ્રેડિંગના પ્રમુખ હિરોયુકી કિકુકાવાએ જણાવ્યું હતું કે, 'રશિયા-યુક્રેન યુદ્ધવિરામ અને રશિયા પરના પ્રતિબંધો હળવા થવાની સંભાવના પર બજારો મંદી છે. ટ્રમ્પ જે ટેરિફ લાદી રહ્યા છે તેના કારણે મંદીની પણ સંભાવનાઓ છે. જેની અસર ક્રૂડ ઓઈલનાં ભાવ પર થઈ રહી છે.' ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, યુએસ અને યુરોપીય સંઘએ યુક્રેન સાથે યુદ્ધ શરૂ કરવા બદલ રશિયા પર સખત પ્રતિબંધો લાદ્યા હતા, જેમાં તેની ઓઈલની નિકાસને પણ અસર થઈ હતી. રશિયન ઓઈલ પરના પ્રતિબંધને કારણે, રશિયાના સમુદ્ર દ્વારા ઓઈલની સપ્લાય ઘણી ઓછી થઈ ગઈ હતી. જાણો રશિયા અને યુક્રેનની શાંતિ સમજૂતીથી ભારતને શું ફાયદો થશે ભારત વિશ્વમાં ક્રૂડ ઓઈલનો ત્રીજો સૌથી મોટો ઉપભોક્તા છે અને તેની ૮૫%થી વધુ જરૂરિયાતો પૂરી કરવા માટે આયાત પર નિર્ભર છે. આથી રશિયા ભારતનું ટોચનું ક્રૂડ ઓઈલ સપ્લાયર હોવાથી રશિયા અને યુક્રેન વચ્ચેના શાંતિ કરારથી ભારતને ઘણો ફાયદો થવાનો છે.એનર્જી કાર્ગો ટ્રેકિંગ ફર્મ વોર્ટેક્સા અનુસાર, ડિસેમ્બર ૨૦૨૪માં ભારતની કુલ ક્રૂડ ઓઈલની આયાતમાં રશિયન ઓઈલનો હિસ્સો ૩૧% હતો, જ્યારે નવેમ્બર ૨૦૨૪માં તે ૩૬% હતો. રશિયાના ઓઈલ પર અમેરિકી પ્રતિબંધોને કારણે ભારત રશિયા સાથે ઓઈલના વેપારમાં સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ખરીદેલ ઓઈલના પેમેન્ટની પણ સમસ્યા થતી. પરંતુ જો રશિયા પર લાગેલા પ્રતિબંધો હટાવવામાં આવશે તો ભારતને ફાયદો થશે. તેમજ ભારતની વિકાસશીલ અર્થવ્યવસ્થા ક્રૂડ ઓઈલ આધારિત છે, જે ઓઈલના ભાવમાં ઘટાડા અને વધારાથી ભારે અસરગ્રસ્ત છે. ઓઈલના ભાવ વધે તો ભારતમાં ફુગાવો વધે છે અને જો ઘટે તો ફુગાવો પણ ઓછો થાય છે. જ્યારે ઓઈલ સસ્તું થાય છે, ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ ઘટાડો થાય છે, જે માલનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટાડે છે. જેના કારણે માલના ભાવમાં ઘટાડો થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### મહાકુંભમાં ફરી આગ લાગી, ૩૦ દિવસમાં ૫મી ઘટના

| (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૭ |

મહાકુંભમાં ફરી એકવાર આગ લાગ્યાની ઘટના સામે આવી છે. આ વખતે સેક્ટર ૮માં અનેક પંડાલ બળીને રાખ થઈ ગયા હતા. જોકે ફાયરબ્રિગેડ અને પોલીસની ટીમે સ્થિતિ પર કાબૂ મેળવી લીધો હોવાની જાણકારી મળી રહી છે. ઉલ્લેખનીય છે કે મહાકુંભમાં ૩૦ દિવસમાં આગની આ ૫મી ઘટના હતી. ફાયરબ્રિગેડના મુખ્ય અધિકારી પ્રમોદ કુમાર શર્માએ કહ્યું કે સેક્ટરમાં ૮ એક ટેન્ટમાં આગની ઘટના બની હતી. જોકે સમય સૂચકતા સાથે આગને કાબૂમાં કરી લેવામાં આવી છે. જોકે હજુ સુધી કોઈ મોટી જાન કે માલ હાનિના અહેવાલ સામે આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે આ પહેલા ૧૫ ફેબ્રુઆરીએ મહાકુંભમાં આગ ભડકી હતી અને ત્યારે સેક્ટર ૧૮ અને ૧૯માં અનેક પંડાલ તેની લપેટમાં આવી ગયા હતા. જ્યારે ૭ ફેબ્રુઆરીએ પણ શંકરાચાર્ય માર્ગ પર સંત હરિહરાનંદના પંડાલમાં આગની ઘટના બની હતી. ત્યારે ૨૦ થી ૨૨ પંડાલ બળીને રાખ થઈ ગયા હતા.

### મહારાષ્ટ્રમાં પ્રચંડ બહુમતી છતાં સરકારમાં ડખા

| (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૭ |

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ મચી ગઈ છે. આ વખતે મહાયુતિની અંદર જ ડખા હોય તેવું લાગી રહ્યું છે. એવું લાગે છે કે એકનાથ શિંદે નારાજ છે અને દેવેન્દ્ર ફડણવીસથી અલગ જ ચાલી રહ્યા હોય એવું લાગે છે. અગાઉ, એકનાથ શિંદે ફડણવીસની સભાઓમાંથી ગાયબ રહ્યા હતા. હવે તેમણે એવો નિર્ણય લીધો છે, જેના કારણે એવું લાગી રહ્યું છે કે સીએમ-ડેપ્યુટી સીએમ વચ્ચેનો વિવાદ વધી ગયો છે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે. મહારાષ્ટ્રમાં સીએમ રિલીફ ફંડ હોવા છતાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પોતાની મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે. મંગેશ ચિવટે-પાટીલને એકનાથ શિંદેના મેડિકલ રિલીફ સેલના વડા બનાવવામાં આવ્યા છે. એકનાથ શિંદેની મેડિકલ રિલીફ સેલ આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ લોકોને મદદ કરશે.

### સરકારી એન્જિનિયરને ત્યાં કાળી કમાણીનો ખજાનો

| (એજન્સી) રાજસ્થાન, તા.૧૭ |

એન્ટી કરપ્શન બ્યૂરોના દરોડામાં લોક નિર્માણ વિભાગ (PWD) એન્જિનિયર દીપક કુમાર મિત્તલ અબજપતિ નીકળ્યો. તપાસ એજન્સીએ અત્યાર સુધી મિત્તલની કમાણી કરતાં ૨૦૫ ટકા વધુ સંપત્તિની જાણકારી મેળવી છે. જોધપુર, જયપુર, ઉદયપુર અને હરિયાણાના ફરીદાબાદ સ્થિત મિત્તલના છ ઠેકાણાથી ૧૭ પ્લોટ સિવાય ૫૦ લાખ રૂપિયા રોકડ મળી છે.એન્ટી કરપ્શન બ્યૂરોને ઈનપુટ મળ્યું હતું કે ઠઈદ્ર દીપક કુમાર મિત્તલ નિશ્ચિંત થઈને લાંચ લે છે. આ વાતની પુષ્ટિ કર્યા બાદ એન્ટી કરપ્શન બ્યૂરોએ દીપક કુમાર મિત્તલ વિરુદ્ધ ઓપરેશન નિશ્ચિંત લોન્ચ કર્યું. જ્યારે એન્ટી કરપ્શન બ્યૂરોને એ સમાચાર મળ્યા કે આજે દીપક કુમારની પાસે લાંચના ૫૦ લાખ રૂપિયા રોકડા પહોંચ્યા છે અને તે બે દિવસની અંદર જમીનોમાં રોકાણ કરવાનો છે.

### ચીન અંગે આપેલા નિવેદનથી વિવાદ ઉભો થઇ ગયો છે

# ચીન આપણો દુશ્મન નથીઃ કોંગ્રેસ નેતા સામ પિત્રોડાનું વિવાદિત નિવેદન

| (એજન્સી) ચીન, તા.૧૭ |

કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા સામ પિત્રોડાએ હાલમાં ચીન અંગે આપેલા નિવેદનથી વિવાદ ઉભો થઈ ગયો છે. તેમનું માનવું છે કે, ભારતે ચીનને દુશ્મન દેશ માનવાનું બંધ કરી દેવું જોઈએ. હવે તેમના નિવેદનને લઈને ભાજપે કોંગ્રેસ નેતા પર આકરા પ્રહારો કર્યા છે. આગાઉ પણ સામ પિત્રોડા પોતાની નિવેદનબાજીને લઈને ચર્ચામાં રહી ચૂકયા છે. મીડિયા રિપોર્ટ અનુસાર સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, 'મને ખબર નથી પડતી કે ચીનથી શું ખતરો છે? મને લાગે છે કે આ મુદ્દાને હંમેશા વધારે પડતો ચગાવવામાં આવે છે. કારણ કે, અમેરિકાનો સ્વભાવ દુશ્મન બતાવવાનો છે. હવે સમય આવી ગયો છે કે બધાં



દેશો એકજુટ થઈ જાય અને એકબીજા સામે અથડામણ ન કરે.' હકીકતમાં તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. જેના જવાબના તેમણે કહ્યું હતું કે, 'શરૂઆતથી જ આપણું વલણ બીજા સાથે અથડામણ કરવાનું રહ્યું છે અને આ જ પદ્ધતિ દુશ્મનો બનાવે છે. જેને લઈને પહેલા દેશમાં સમર્થન ઉભું કરવામાં આવે છે. આપણે આ માનસિકતાને બદલવી પડશે અને ચીન પહેલાથી જ આપણું દુશ્મન છે તેવું માનવાનું બંધ કરવું પડશે. આ ખોટી બાબત છે તે ફક્ત ચીન માટે જ નહી પરંતુ બધા માટે ખોટું છે.' ભાજપના પ્રવક્તા તુહિન સિન્હાએ આ મુદે કોંગ્રેસના ઉપ ધ્યક્ષ રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું હતું કે, 'જે લોકોએ આપણી ૪૦ ચોરસ કિલોમીટર જમીન ચીનને આપી દીધી અને તે લોકોને હવે ચીનથી કોઈ ખતરો નથી દેખાઈ રહ્યો. આ કોઈ આશ્ચર્યની વાત નથી રાહુલ ગાંધી ચીનથી ડરે છે અને ની ઘોષણાના એકદિવસ પહેલા તેઓ BRI પર ભાર મૂકી રહ્યા હતા. ચીન પ્રત્યે કોંગ્રેસ પાર્ટીના આકર્ષણનું રહસ્ય વર્ષ ૨૦૦૮માં કોંગ્રેસ અને CCP વચ્ચે થયેલા MOU છે.

# ૨૯મી ફેબ્રુઆરી સુધી કાઉન્ટર પરથી ટિકિટ વેચાણ બંધ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર શનિવારે (૧૫મી ફેબ્રુઆરી) મોડી રાત્રે થયેલી નાસભાગમાં ૧૮ લોકો મૃત્યુ થયા હતા. આ ઘટના બાદ નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર કાઉન્ટર પરથી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરી દેવામાં આવ્યું છે. આ આદેશ ૨૯મી ફેબ્રુઆરી સુધી અમલમાં રહેશે. નોંધનીય છે કે, નાસભાગ બાદ NDLS પર કોઈ પ્લેટફોર્મ ટિકિટ આપવામાં આવી નથી. અહેવાલો અનુસાર, દિલ્હી પોલીસે રેલ્વે સ્ટેશન પર ભીડ વ્યવસ્થાપન માટે છ ઈન્સ્પેક્ટર રેક્ના અધિકારીઓને તહેનાત કર્યા હતા. આ તે અધિકારી છે જેમને પહેલાથી જ NDLSમાં કામ કરવાનો અનુભવ છે. આમાંથી કેટલાક અધિકારીઓ નવી દિલ્હી રેલ્વે પોલીસ સ્ટેશનમાં SHOનું પદ સંભાળી ચૂક્યા છે. નવી દિલ્હી રેલ્વેએ કુંભ માટે ખાસ ટ્રેનની જાહેરાત કરી હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. જ્યારે રેલ્વેએ ભારે ટિકિટ વેચાણ થતાં, તેમણે ખાસ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો, પરંતુ ભીડને સંભાળવા માટે પૂરતી વ્યવસ્થા નહોતી. પ્રયાગરાજ કુંભ જતી ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૪ પર રાહ જોઈ રહી હતી.

### અજ્ઞાત લોકોએ ઘરની બહાર ગોળી મારી

# ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હાફિઝ સઇદના સાળાની હત્યા

## તે કુખ્યાત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર હતો અને ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હાફિઝ સઈદનો સાળો હતો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

પાકિસ્તાનમાં ભારતના દુશ્મનોનો ખાતમો થઈ રહ્યો છે. ત્યારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના સ્વાબી જિલ્લામાં એક અજાણ્યા મોટરસાઈકલ સવાર બંદૂકધારીએ એક આતંકીને ગોળી મારી દીધી હતી. આ આતંકીનું નામ મૌલાના કાશિફ અલી છે. તે કુખ્યાત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર હતો અને ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હાફિઝ સઈદનો સાળો હતો. આતંકી કાશિફ અલી યુવાનોનું બ્રેઈનવોશ



કરતો હતો અને તેમને આતંકવાદી સંગઠનોમાં ભરતી કરતો હતો. કાશિફ અલી ઘણી મસ્જિદો અને મદરેસાના ઈન્ચાર્જ પણ હતા. તે આતંકવાદના પાઠ ભણાવતો હતો અને પોતાના હેતુ માટે પાકિસ્તાની યુવાનોને ગેરમાર્ગે દોરતો હતો અને તેમને આતંકવાદી સંગઠનોમાં ભરતી કરતો હતો. આ ઉપરાંત તે આતંકવાદ તાલીમ કેન્દ્રોમાં જેહાદી પ્રવચનો પણ આપતો હતો. કાશિફ અલી આતંકવાદી સંગઠન લશ્કરના ફ્રન્ટ પોલિટિકલ સંગઠન પીએમએમએલ સાથે પણ સંકળાયેલો હતો. આતંકવાદી કાશિફ અલીની હત્યા બાદ, આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા ઘણાં સંગઠનોએ પાકિસ્તાન સરકારની આકરી ટીકા કરી હતી. આ સાથે તેમણે કાશિફ અલીના હત્યારાઓની તાત્કાલિક ધરપકડ કરવાની પણ માંગ કરી. એટલું જ નહીં.

### અગાઉ બે હત્યા મામલે પકડાયા હતા

# અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા વધુ બેની ધરપકડ કરાઇ

## જામીન પર બહાર ગુરવિન્દર સિંહે ટ્રાવેલ એજન્ટને રૂ. ૪૫ લાખ આપી ત્રણ મહિને ગેરકાયદે અમેરિકા પહોંચ્યો હતો

| (એજન્સી) પંજાબ, તા.૧૭ |

પંજાબ અને હરિયાણા પોલીસે અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા લોકોની ત્રીજી ફ્લાઈટ લેન્ડ થતાં જ બે જણની ધરપકડ કરી હતી. આ બંને આરોપી ગુનો આચરી અમેરિકા ભાગી ગયા હતાં. અગાઉ પંજાબ પોલીસે પણ બે પિતરાઈ ભાઈઓની મર્ડર કેસમાં ધરપકડ કરી હતી. પંજાબ પોલીસે ડિપોર્ટ કરાયેલા લુધિયાણાના ગુરવિન્દર સિંહ (ઉ.વ. ૨૬)ની ધરપકડ કરી છે. જેને પોલીસ ૨૦૨૧થી શોધી રહી હતી. તેની બિન-જામીનપાત્ર વોરંટ હતાં.



બીજી તરફ ગુરવિન્દર સિંહના પરિવારજનોએ તેની ધરપકડને રાજકીય હેતુ માટે થઈ હોવાનું જણાવ્યું છે. શિરોમણી અકાલી દળ સાથે તેના ભૂતકાળના જોડાણોના કારણે તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તેની વિરૂદ્ધ બે એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી તેની ધરપકડ કરી હતી. બાદમાં તેને જામીન આપવામાં આવ્યા હતાં. જામીન પર બહાર ગુરવિન્દર સિંહે ટ્રાવેલ એજન્ટને રૂ. ૪૫ લાખ આપી ત્રણ મહિને ગેરકાયદે અમેરિકા પહોંચ્યોહતો.હરિયાણાપોલીસેડિપોર્ટ થયેલા સાહિલ વર્માની એરપોર્ટ પરથી જ ધરપકડ કરી હતી. કુરુશ્રેત્રના પેહોવા ગામનો રહેવાસી સાહિલે મે, ૨૦૨૨માં સગીરાની જાતીય સતામણી અને મારી નાખવાની ધમકી આપી હતી. જેના બદલ પોલીસે પોક્સો એક્ટ હેઠળ તેની ધરપકડ કરવાની કવાયત હાથ ધરી હતી.

### નિખિલ નંદા સહિત નવ લોકો સામે કાર્યવાહી

# અમિતાભ બચ્ચનના જમાઈ નિખિલ સામે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ

## નિખિલ નંદા એસ્કોર્ટ્સ કુબોટા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે, તેમની પર આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ લગાવવામાં આવ્યો છે

| (એજન્સી) મુંબઇ, તા.૧૭ |

બોલિવૂડ એક્ટર અમિતાભ બચ્ચનના જમાઈ સામે FIR નોંધાતા ચકચાર મચી છે. જેને પગલે અમિતાભ બચ્ચનની પુત્રી શ્વેતા નંદાના પતિ અને કપૂર પરિવારના સભ્ય નિખિલ નંદા માટે કાનૂની મુશ્કેલીઓ ઊભી થઈ છે. આ કેસમાં નિખિલ નંદા સહિત નવ લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. નિખિલ નંદા એસ્કોર્ટ્સ કુબોટા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેમની પર આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ કેસ ઉત્તર પ્રદેશના બદાયૂ જિલ્લામાં એક ટ્રેક્ટર એજન્સી ડીલરની આત્મહત્યાનો છે. નિખિલ નંદા પર આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ ફરિયાદી જ્ઞાનેન્દ્ર સિંહે આરોપ



લગાવ્યો હતો કે તેમના ભાઈ જિતેન્દ્ર સિંહ, જે દાતાગંજમાં 'જય કિસાન ટ્રેડર્સ' નામની ટ્રેક્ટર એજન્સી ચલાવતા હતા, તેમના પર કંપનીના અધિકારીઓ દ્વારા ટ્રેક્ટરનું વેચાણ વધારવા માટે ભારે દબાણ કરવામાં આવ્યું હતું. આ અધિકારીઓમાં એરિયા મેનેજર આશિષ બાલિયાન, સેલ્સ મેનેજર સુમિત રાઘવ, યુપી હેડ દિનેશ પંત, ફાઈનાન્સિયલ કલેક્શન ઓફિસર પંકજ ભાસ્કર, સેલ્સ લીડર નીરજ મહેરા, શાહજહાંપુરના ડીલર શિશાંત ગુપ્તા અને નિખિલ નંદાનો સમાવેશ થાય છે.

# પ્લેસ ઓફ વર્શીપ એક્ટ કેસમાં સુનાવણી ટળી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

સુપ્રીમ કોર્ટમાં પ્લેસ ઓફ વર્શીપ (સ્પેશિયલ પ્રોવિઝન) એક્ટ, ૧૯૯૧ સંબંધિત અરજીઓ પર સુનાવણી સ્થગિત કરવામાં આવી છે. હવે આ સુનાવણી આવતા મહિને માર્ચમાં થશે.

સોમવારે આ કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે ત્રણ જજોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે, જ્યારે આજે બે જજોની બેન્ચ બેઠી છે. તેથી માર્ચમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. અગાઉ, કોર્ટમાં અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ઈન્દિરા જય સિંહે ઉલ્લેખ કર્યો હતો અને સુનાવણીની માંગ કરી હતી. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ કહ્યું કે આજે પૂજા સ્થળ કાયદાની વિરુદ્ધ અને તરફેણમાં દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી કરવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું કે અમારે સુનાવણી માટે (પ્રશ્નોનો નિર્ણય લેવા માટે) માર્ચની તારીખ આપવી પડશે. આ કેસની સુનાવણી ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની બેન્ચ કરી રહી છે. આ પહેલા ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ પીવી સંજય કુમાર અને જસ્ટિસ મનમોહનની બેંચે ૧૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ છેલ્લી સુનાવણી કરી હતી. આ કાયદો કોઈપણ પૂજા સ્થળના ધાર્મિક સ્વરૂપમાં કોઈપણ ફેરફારને પ્રતિબંધિત કરે છે. તે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના સમયે કોઈપણ ધાર્મિક સ્થળના સ્વરૂપને જાળવી રાખવાની પણ વાત કરે છે.

સુનાવણી દરમિયાન વકીલ ઈન્દિરા જય સિંહે પૂછ્યું કે શું નવેસરથી હસ્તક્ષેપ ની મંજૂરી આપી શકાય? CJI ખન્નાએ કહ્યું કે આ ફાઈલ કરવાની મર્યાદા છે, ઘણી અરજીઓ આવી રહી છે, અમે જોઈશું. દેશની સૌથી મોટી કોર્ટે કહ્યું કે આ કેસની સુનાવણી ૩ જજોની બેન્ચ કરી રહી છે અને આજે ૨ જજોની બેન્ચ બેઠી છે. તેથી માર્ચમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. બીજેપી નેતા અને વકીલ અશ્વિની કુમાર ઉપાધ્યાય, વિશ્વભદ્ર પૂજારી, પુરોહિત મહાસંઘ, ડૉ. સુબ્રમણ્યમ સ્વામી, કરુણેશ કુમાર શુક્લા, વાર્તાકાર દેવકીનંદન ઠાકુર, નિવૃત્ત સૈન્ય અધિકારીઓ અનિલ કબોત્રા અને અનિલ ત્રિપાઠીએ પ્લેસ ઓફ વર્શિપ એક્ટ ૧૯૯૧ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

# ૧૦ દિવસ વીતી ગયા, પીએમ મોદીને તેમના કોઈ ધારાસભ્ય પર ભરોસો નથી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

દિલ્હીમાં ભાજપની પ્રચંડ જીત થઈ હોવા છતાં હજુ સુધી સીએમ પદનો ચહેરો જાહેર થયો નથી. જેના લીધે આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી આતિશીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ભાજપને જ પોતાના ધારાસભ્યો પર વિશ્વાસ ન હોવાનું મોટું વિવાદસ્પદ નિવેદન આપ્યું છે. આતિશીએ જણાવ્યું કે, 'દિલ્હીની પ્રજાને આશા હતી કે આઠ ફેબ્રુઆરીએ ચૂંટણીના પરિણામો બાદ ભાજપ નવમી ફેબ્રુઆરીએ પોતાના મુખ્યમંત્રીની જાહેરાત કરશે અને શપથ ગ્રહણ સમારોહ પણ ૧૦ ફેબ્રુઆરીએ યોજાશે.

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
ઇલેક્ટ્રિકલ કાર્યો
ઈ-ટેન્ડર - નોટિસ સંખ્યા : Sr.DEE/ADI/65 (24-25) તારીખ - 17.02.2025 ટેન્ડર સંખ્યા : EL-50-1-ADI-T-84-2024-25 કાર્યનું નામ : અમદાવાદ વિભાગ - 02 વર્ષના સમયગાળા માટે વિવિધ ક્ષમતાના સબમર્સિબલ પંપ મોટરના વ્યાપક જાળવણી સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્યો. અંદાજિત કિંમત : ₹63,40,800/- અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹1,26,800/-/ ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય : 18.03.2025 ના રોજ 15:00 કલાક સુધી. ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય : 18.03.2025 ના રોજ 15.30 કલાકે. ઓફિસનું સરનામું : સિનિયર. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 652345 વેબસાઇટ સરનામું : www.ireps.gov.in 324
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન
વિવિધ એન્જિનિયરિંગ કામો

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂ.) | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | 218-2024-25 | 4,09,26,292.08 | 3,54,600.00 |
| | જૂથ કાર્ય: (1) ધારી-વિસાવદર (MG) વિભાગ-TSR (S) 17 KMs. (2) અમરેલી-ચલાલા અને વિસાવદર તાલાલા (MG) વિભાગ-TSR (S) 12 KMs. (3) ખીજડિયા - વેરાવળ વિભાગ (MG) વિભાગ ટર્નઆઉટ નવીકરણ દ્વારા | | |
| 2 | 219/2024-25 | 2,13,03,818.55 | 2,56,500.00 |
| | અમરેલી-ચલાલા સેક્શન (MG) સેક્શન CTR(s): ૮.૭ કિમી (કિમી.19-8 થી 28-5) | | |
| 3 | 220-2024-25 | 82,04,369.49 | 1,64,100.00 |
| | અમરેલી-ધારી સેક્શન (MG) સેક્શન CTR(S) 3.27 કિમી (કિમી 28.5 થી 31.77) | | |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : બિડિંગની શરૂઆતની તારીખ : 24/02/2025 બિડની બંધ થવાની તારીખ : 10/03/2025 NIT રેલ્વે વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ : 14/02/2025 ના રોજ અપલોડ કરવામાં આવી છે. 200
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ...

# ચીન સાથે સરહદી વિવાદ ઉકેલવા માટે ત્રીજા પક્ષની જરૂર નથી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનનો દુનિયાનો મહત્વપૂર્ણ દેશ ગણાવ્યો છે. આ સાથે જ તેમણે ભારત અને ચીનની વચ્ચે સરહદ વિવાદની મધ્યસ્થી કરવાની ઓફર પણ આપી છે. જોકે, ટ્રમ્પની આ ઓફરને ભારતે ફગાવી દીધી છે. ભારતે આ નિર્ણય એટલા માટે લીધો કે જેથી કોઈ પ્રકારનો ભ્રમ પેદા થાય નહીં. ભારતે સીધા શબ્દોમાં કહ્યું કે સરહદ વિવાદ દ્વિપક્ષીય મામલો છે અને અમે તમામ ચીજોને અમારા સ્તર પર ઉકેલીશું. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મીડિયાને સંબોધિત કરતી ટ્રમ્પે કહ્યું હતું કે, ‘હું ભારત તરફ જોવું છું. કેટલાક વિવાદ છે, જે સામાન્ય છે. તેના પર વાત થવી જોઈએ અને પહેલ પણ કરવી જોઈએ. જો અમે કોઈ મદદ કરી શકીએ છીએ તો મને સારું લાગશે. હું(અમેરિકા) આ માટે તૈયાર છું, કારણ કે મારું માનવું છું કે વિવાદોનો ઉકેલ આવવો જોઈએ.’ ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે, ‘અમારા પડોશીઓ સાથે જે પણ વિવાદ છે, એને ઉકેલવા માટે અમે હંમેશાથી દ્વિપક્ષીય વાતચીતનો રસ્તો અપનાવ્યો છે. આ વિવાદો ઉકેલવામાં અમારે(ભારત) કોઈ પણ તૃતીય પક્ષની જરુરિયાત નથી.’ આ સાથે ટ્રમ્પે ચીનની સાથે અમેરિકાના સારા સંબધોની વાત પણ કરી હતી. તેમણે કહ્યું કે ‘‘અમેરિકા તો ચીનની સાથે પણ સારા સંબંધોની તરફેણમાં છે. ચીન દુનિયાનો એક મહત્વપૂર્ણ પ્લેયર છે. અમે ચીન સાથે સારા સંબંધો ઈચ્છીએ છીએ. કોરોના કાળ સુધી ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે સારા સંબંધ હતા. તેમ છતાં થોડા સંબંધો બગડ્યા હતા.’’

# એમ સી મેરી કોમ, અવની લેખારા, અને સુહાસ યથિરાજે પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ૭મા એપિસોડમાં ભાગ લીધો




પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ઉદ્ઘાટન સમારંભમાં શરૂ કરેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓને આગળ ધપાવતા, આજે પ્રસારિત થયેલા સાતમા એપિસોડમાં આઈકોનિક રમતવીર એમ સી મેરી કોમ, અવની લેખારા અને સુહાસ યથિરાજ સામેલ થયા હતા. તેમણે શિસ્ત દ્વારા ધ્યેય નિર્ધારણ, સ્થિતિસ્થાપકતા અને તણાવ વ્યવસ્થાપન વિશે વાત કરી હતી. તેઓએ તેમના પોતાના જીવનના વ્યક્તિગત ટુચકાઓ અને તેઓએ તેમના જીવનમાં રમતગમતમાંથી શું શીખ્યા છે તે પણ શેર કર્યું. મેરી કોમે બોક્સિંગ એ મહિલાઓની રમત નથી તેવી લોકપ્રિય માન્યતાને કેવી રીતે નકારી કાઢી તે વિશે વાત કરી હતી, જેણે માત્ર પોતાના માટે જ નહીં પરંતુ દેશભરની મહિલાઓ માટે સામાજિક માન્યતાઓને પડકારી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાનાં એક્કર બનવાની સલાહનો ઉલ્લેખ કરીને એક પુત્રી, પત્ની અને માતા તરીકેની પોતાની ૨૦ વર્ષની સફરને યાદ કરી હતી. તેમણે સખત મહેનતના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો તેમજ સમર્પણ અને ખંત એ સફળતાના સાચા ચાલકો છે, તેના પર ભાર મૂક્યો હતો. સુહાસ યથિરાજે વિદ્યાર્થીઓને ભય જેવી નકારાત્મક લાગણીઓને દૂર કરવા માટે મનની શક્તિનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા, જેને તેમણે સફળતાના મુખ્ય અવરોધ તરીકે ઓળખાવી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભય પર કાબૂ મેળવવો એ જ કુદરતી રીતે પ્રદર્શન કરવાનો અને ઉત્કૃષ્ટ દેખાવ કરવાનો એકમાત્ર માર્ગ છે. ‘‘સૂર્યની જેમ ચમકવા માટે, વ્યક્તિએ સૂર્યની જેમ સળગવા માટે તૈયાર રહેવું જોઈએ,’’ તેમણે વિદ્યાર્થીઓને સ્થિતિસ્થાપકતા અને નિશ્ચય સાથે પડકારોને સ્વીકારવા વિનંતી કરી. તેમણે સકારાત્મક ઊર્જાને ચેનલ કરવા માટે મ્યુઝિક થેરાપી સાથે પણ તેમને પરિચય કરાવ્યો હતો અને માઈન્ડફુલ થિંકિંગના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, કારણ કે વિચારો વ્યક્તિના ભાગ્યને આકાર આપે છે. અવની લેખારાએ કૌશલ્ય વિકાસના મહત્વ પર ભાર મૂક્યો હતો અને સમજાવ્યું હતું કે કેવી રીતે યોગ્ય કુશળતા પ્રાપ્ત કરવાથી આત્મવિશ્વાસ વધે છે અને ભય ઓછો થાય છે. રમતગમતમાંથી સમાનતા દોરતા, તેમણે અભ્યાસમાં આરામ અને પુનઃપ્રાપ્તિના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ટોચની કામગીરી સુનિશ્ચિત કરવા માટે પરીક્ષા પહેલાં પૂરતી ઊંઘ લેવાની હિમાયત કરી હતી. તેમણે આત્મવિશ્વાસ વધારવા માટે એક પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપ્યું હતું. સત્ર દરમિયાન, વિદ્યાર્થીઓએ કારકિર્દીની પસંદગીઓ વિશે માતાપિતાને સમજાવવા, પડકારોનો સામનો કરવાની હિંમત વિકસાવવી અને ધ્યાન કેન્દ્રિત કરવા જેવા વિષયો પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. દુબઈ અને કતારના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. તેમજ મહેમાનો સાથે તેમના પ્રશ્નો શેર કર્યા હતા. બધા અતિથિઓએ સર્વાનુમતે ભારપૂર્વક જણાવ્યું હતું કે સખત મહેનત એ સફળતાની ચાવી છે અને શોર્ટકટ દ્વારા કંઈપણ પ્રાપ્ત કરી શકાતું નથી. વ્યાપક વિકાસને સુનિશ્ચિત કરવા માટે, વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ હસ્તીઓ - જેમાં સ્પોર્ટ્સ આઈકોન્સ, તકનીકી નિષ્ણાતો, સ્પર્ધાત્મક પરીક્ષાઓના ટોપર્સ, મનોરંજન ઉદ્યોગના વ્યાવસાયિકો અને આધ્યાત્મિક નેતાઓનો સમાવેશ થાય છે - વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકોથી આગળ આંતરદષ્ટિથી સમૃદ્ધ બનાવી રહ્યા છે. વધુ ત્રણ એપિસોડ પ્રસારિત થઈ ચૂક્યા છે, ત્યારે દરેક સત્ર વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને વ્યક્તિગત રીતે ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે આવશ્યક સાધનો અને વ્યૂહરચનાઓ પ્રદાન કરવાનું ચાલુ રાખે છે. આ શો પછી વિદ્યાર્થીઓએ સત્રમાંથી તેમના શિક્ષણને પ્રતિબિંબિત કર્યું અને શેર કર્યું. પરીક્ષા પે ચર્ચા (પીપીસી) ૨૦૨૫ ની આઠમી આવૃત્તિ, તેના સુધારેલા અને ઈન્ટરેક્ટિવ ફોર્મેટમાં, દેશભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા તરફથી વ્યાપક પ્રશંસા મેળવી રહી છે.

**વ્યક્તિગત શક્તિની વાત કરીએ તો સૌર ઉર્જા માનવીમાં સ્ફૂર્તિ સંચાર માટે સૌથી મહત્વની છે, અને હવે તો વૈજ્ઞાનિકોએ પણ સાબિત કર્યું છે**

# વિદેશમાં ચાહે ગમે તેટલું સુખ હોય! પણ સૂર્ય પ્રકાશ માટે ફાંફાં છે! અને એ થોડું ખટકે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે જેને જેને દેવ માન્યા છે એમાંથી જેને આપણે પ્રત્યક્ષ રૂપે જોઈ શકીએ અને અનુભવી શકીએ તેમજ તેની સકારાત્મક કલ્યાણની ભાવનાથી આપણું પોષણ થતું હોય, એવો જો કોઈ દેવ હોય તો એ સૂર્યદેવ છે, અને તેથી જ તેને સાક્ષાત દેવ પણ આપણે કહીએ છીએ.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અહીં જર્મનીમાં હમણાં સતત ધીમો ધીમો સ્નો ફોલ થાય છે, અને રસ્તાઓ એકદમ સફેદ રૂ જેવા બરફથી છવાઈ ગયાં છે. આકાશ માં સતત વાદળ છવાયેલાં રહે છે, અને એટલે માંડ માંડ એકાદ કલાક અજવાળું રહે ! કોઈ કોઈ વખત તો આંખો દિવસ લગભગ સૂર્યની ગેરહાજરી રહે છે. સૂર્ય પ્રકાશને કાયમ સકારાત્મકતાની દ્રષ્ટીએ જીવનમાં મુલવણી કરી હોવાથી આ વાતાવરણ થોડું એબ નોર્મલ લાગે, અને એમાં એડજેસ્ટ થવું અઘરું પડે!: જોકે એટલે જ અહીં પીળી લાઈટ નું ચલણ છે! પણ આપણે તો એ બાબત એકદમ દેશી, એટલે તડકો જોઈએ જ! વિદેશમાં ચાહે ગમે તેટલું સુખ હોય પણ આ એક બાબત તો દરેક ભારતીય ને ખટકે જ કે સૂર્ય પ્રકાશ આપણા દેશ જેટલો નથી. શિયાળામાં સૂર્ય હોય ત્યારે પણ ચાર વાગ્યાથી અંધારું શરૂ થઈ જાય! અને ઉનાળામાં રાતના દસ સુધી અજવાળું! આમ પ્રકૃતિ નું અસંતુલિત હોવું એ થોડું ખૂંચે! કારણકે આપણે તો સૂર્ય સાથે સતત જોડાયેલા! એટલે આ વિષમ પરિસ્થિતિમાં જાગૃતિ પણ દુર્લભ. આમ પણ અત્યારે નાનીમા મમતા નાં સોફ્ટ કોર્નરમાં રમી ને ભમી રહી છે, ત્યારે એને સૂર્ય પ્રકાશ કે જાગૃતિ વગર કેમ ચાલે! સૂર્ય એ આપણા માટે જીવાદોરી છે. આપણા હિન્દુ સનાતન ધર્મમાં માત્ર કાલ્પનિક દેવદેવીઓની વાત કરી નથી, તો એમાં સૂર્ય એ સૌથી વધુ શક્તિશાળી અને પ્રત્યક્ષ અનુભવી શકાય એવો દેવ છે. પ્રકૃતિની નિસ્વાર્થ સેવાની શક્તિથી પ્રકાશિત થતા સૂર્ય વિશે આજે આપણે ચિંતનમાં વાત કરીશું. આપણે જેને જેને દેવ માન્યા છે એમાંથી જેને આપણે પ્રત્યક્ષ રૂપે જોઈ શકીએ અને અનુભવી શકીએ તેમજ તેની સકારાત્મક કલ્યાણની ભાવનાથી આપણું પોષણ થતું હોય, એવો જો કોઈ દેવ હોય તો એ સૂર્યદેવ છે, અને તેથી જ તેને સાક્ષાત દેવ પણ આપણે કહીએ છીએ. ગાયત્રી વગેરેની ઉપાસનામાં સૂર્યની હાજરી પણ અનિવાર્ય હોય છે, વહેલી સવારના સૂર્યોદય પછીનો એક કલાક શરીર માટે પણ ખૂબ જ ફળદાયી સાબિત થાય છે, અને સૂર્ય ઊર્જાના તો કેટલા ઉદાહરણ આપીશું. સૂર્ય આપણને જાગૃતિનો બોધ પણ આપે છે, અને પોતે સળગીને પણ બીજાનું ભલું કરવું એવી એક અનેરી શીખ પણ આપે છે. રાય રંકના ભેદ વગર એ નિઃશુલ્ક પ્રકાશીને સંબંધોમાં પક્ષપાતની નીતિ ન રાખવી, એવું પણ સૂર્ય સૂચવે છે. આકાશ ગંગામાં સ્થિત એવા સર્વગ્રહો અંતે ભગવાન શંકરના મુખમાંથી નીકળ્યા છે એવી આપણે એકવાર વાત કરી હતી, અને એ વાતને રુદ્રી પાઠના અધ્યાય પૃષ્ઠ કરે છે. આમ તો રામાયણમાં કહ્યા મુજબ શિવ અને શક્તિ એ અભિન્ન છે, અને એટલે જ આપણે ત્યાં અર્ધ નારેશ્વરની પણ પરિકલ્પના છે. પરંતુ આપણે શક્તિ સંબંધી આજે સૂર્ય વિશે વાત કરવાની છે, અને આધુનિક વિજ્ઞાને સૌર શક્તિના ઉપયોગથી કઈ કેટલાય ઉપકરણો ચાલતા કર્યા છે. મુખ્યત્વે વીજળી ઉત્પન્ન કરતા સોલાર પ્લાન્ટની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે, દરેકની અગાસીમાં જોઈએ તો, આવાં સોલાર પ્લાન્ટ જોવા મળે છે, અને તો પણ તેની કેટલીએ શક્તિ હજી ઉપયોગમાં લીધાં વગર વેસ્ટ જાય છે, એટલી પ્રચંડ શક્તિ સૂર્ય ધરાવે છે. ભારત અને એશિયાના દેશોને સૌર શક્તિ પુષ્કળ પ્રમાણમાં મળી છે, પરંતુ જે મળ્યું હોય તેની કિંમત હોતી નથી, અને વિશ્વના અન્ય દેશો સૂર્યપ્રકાશ માટે વલખા મારતા પણ જોવા મળે છે. અમુક અમુક જગ્યાએ તો સૂર્યોદય થાય એટલે ઉત્સવ મનાવાય, એવી પરિસ્થિતિ છે, એટલે કે બહુ જ ઓછો સૂર્યપ્રકાશ જોવા મળે છે. આપણી માટે એવી કલ્પના કરવી પણ થોડું કઠિન છે, કારણ કે સૂર્યોદયથી જ આપણી સવાર પડે છે, અને સૂર્યાસ્ત એ આપણા દિવસનો અંત ગણાય છે, સૂર્યનાં ઉદય સાથે જ આપણામાં સ્ફૂર્તિ નો સંચાર થાય છે. અવકાશીય ગ્રહોના પરિભ્રમણને લગતા ખગોળશાસ્ત્રની રચના સર્વ પ્રથમ ભારતીય ઋષિમુનિઓએ કરી હતી, એમાં પણ યાજ્ઞવલ્ક ઋષિ એ આધુનિક સમયના રોલ મોડેલ ગણવામાં આવે છે. વ્યક્તિગત શક્તિની વાત કરીએ તો સૌર ઉર્જા માનવીમાં સ્ફૂર્તિ સંચાર માટે સૌથી મહત્વની છે, અને હવે તો વૈજ્ઞાનિકોએ પણ સાબિત કર્યું છે, કે સૌર શક્તિને કારણે માનવીમાં વિટામિન ડીનું બેલેન્સ જળવાઈ રહે છે. એના અભાવને કારણે કઈ કેટલાયે રોગ થાય છે, અને જો તેની પૂર્તિ પૂરતા પ્રમાણમાં હોય તો, માનવી કેટલીય પ્રકારના ગંભીર રોગથી બચી શકે છે. આ બધું જ આપણા ઋષિમુનિઓ જાણતાં હતાં એટલે જ વહેલી સવારે ધ્યાન ઈત્યાદીની પ્રણાલી આપણી સંસ્કૃતિ અથવા તો હિન્દુ સનાતન ધર્મ સાથે જોડાયેલી છે. ગાયત્રી અનુષ્ઠાનમાં પણ વહેલી સવારમાં સૂર્યોદય પહેલાં, અને સૂર્યોદય પછી એક કલાક એમ મંત્ર જાપ કરવાના હોય છે. સકારાત્મક જીવન જીવવા માટે સૂર્ય જેવો બીજો એક પણ વિકલ્પ નથી! એક તો આપણે તેને પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ, તેની શક્તિનો અનુભવ કરી શકીએ છીએ, તેની શક્તિથી ઉત્પન્ન થતી વનસ્પતિ તેમજ ખેતપેદાશોથી આપણું અસ્તિત્વ ટકી રહે છે, એ સત્ય પણ આપણે જાણીએ છીએ. આ ઉપરાંત સૌથી મોટો ગુણ કે એ પ્રકાશમાન છે, અને એ આપણને દિશાહીન થતાં બચાવે છે. પરંતુ આપણે તોય દિશાહીની થઈ ગયા એને હવે આપણી કરણી ગણવી કે આપણું પ્રારબ્ધ! કે આપણી પાસે આટલી મોટી સૌરશક્તિનો જથ્થો હોવા છતાં, વ્યક્તિગત રીતે આપણે તેનો એટલો ઉપયોગ કરી શક્યા નહીં!; અને અન્ય સંસ્કૃતિથી પ્રભાવિત થઈ એની પાછળ સમય બગાડ્યો. હજી પણ મોડું થયું નથી, હવે તો શિયાળો આવશે. શિયાળામાં તડકો તો આમ પણ ગમે! જીવનને સાચી દિશામાં દોર જે, એવી પ્રાર્થના સાથે શક્તિની આરાધના કરીએ છીએ,પણ શક્તિ સ્રોત પ્રત્યે બેખબર! આજકાલની યુવાની લેટ નાઈટ કલ્ચરને કારણે સવારે મોડી જાગે છે, અને એને કારણે તેને સૌર શક્તિનાં સકારાત્મક ભાવનો લાભ મળી શકતો નથી, અને એને કારણે યુવાની ગેરમાર્ગે દોરાવાની સંભાવના વધી જાય છે, જે નાની નાની વાતમાં હતાશ થઈ જાય છે, નિરાશ થઈ જાય છે, અને આત્મઘાતી પગલાં ભરતા પણ અચકાતી નથી. નિત્ય પ્રભાતે થોડો સમય જો સૂર્ય સામે માત્ર બેસવામાં આવે તો, પણ એ અંત્યંત લાભદાયી છે. આપણે સૌ સૂર્યનાં આવાં સકારાત્મક લાભ લઈને આપણાં જીવનમાં આપણાં સાચાં ધર્મ ને કર્મનાં મર્મ ને પકડી જીવી શકીએ, અને સૂર્ય જેમ અન્ય નું જીવન ઉજાળી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન, વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો**

# સફળતા ફક્ત સતત પ્રયત્નો દ્વારા જ પ્રાપ્ત થાય છે અને નિષ્ફળતા જીવનનો એક ભાગ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં આ સિદ્ધાંત મુજબ સમજાવતાં દષ્ટાંત આપ્યું છે, અશોકવનમાં રામ વિરહમાં સીતાજી રામનું અખંડ ધ્યાન અને સ્મરણ કરે છે, સીતાજી ધ્યાનમાં તન્મય રહે છે કે, હું સીતા છું, તેમને થાય છે કે,હું જ રામ છું, આ કૈવલ્ય મુક્તિ, તેમણે એક વાર ત્રિજટાને કહ્યું કે, ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે.**

અત્યારે સીબીએસી બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે અને આગામી દિવસોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડગાંધીનગર દ્વારા ધો.૧૦ એસ.એસ.સી. ધો.૧૨ એચ.એસ.સી.ની પરિક્ષાઓ શરૂ થશે ત્યારે વિદ્યાર્થી જીવનમાં ધ્યાન એકાગ્રતા બહુ જરુરી છે.સારી સફળતા માટે ધ્યાન એકાગ્રતા વિશે થોડું જોઈએ. ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો પરમાત્માનું ધ્યાન કરતાં જીવ ઈશ્વરમાં મળી જાય. ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય. ધ્યાતા ધ્યાન અને ધ્યેય ત્રણે એક થઈ જાય. આજ મુક્તિ, આજ શુદ્ધ અદ્વૈત. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થવાં જોઈએ.તે એક થાયતો સમજવું કે,ધ્યાનમાં અને દર્શનમાં એકતાનતા થઈ. એકતાનતા થઈ એટલે તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ દેખાતું નથી. લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન. વ્યવહાર કરો,પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો. પનિહારીઓ પાણીનાં બેડાં ભરીને રસ્તેથી ઘરે આવતી હોય,ત્યારે રસ્તામાં તેઓ એક બીજી સાથે વાતો કરતી હોય છે પણ વાતચીતમાં તેઓનું ધ્યાન સતત માથા ઉપરનાં બેડાં ઉપર જ હોય છે. આવી રીતે સંસારના વ્યવહારો ઈશ્વરનું સ્મરણ રાખીને કરો. ખાંડની પૂતળીસાગરનું ઊંડાણ પામવા ગઈ. તે સાગરમાં વિલીન થઈ ગઈ પાછી ન જ આવી. તે સાગર સાથે મળી ગઈ તેમ ઈશ્વરમાં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી. જેમજેમ મન ધ્યાન કરે છે. તેમ તેમ જીવનો લય પરમાત્મામાં થાય છે. પછી જીવમાં જીવપણું રહેતું નથી. એક થાય છે ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે. ભક્તિનો ગરંભ ભલે દ્વૈતથી થાય, પણ તેની સમાપ્તિ અદ્વૈતમાં થાય છે.ભક્ત અને ભગવાન જુદા રહી શકતા નથી જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપથી અલગ કરી શકતા નથી. ઈશ્વર રસરૂપ છે. જે બ્રહ્મરસમાં ડૂબી ગયો,જે બ્રહ્મરૂપ થયો તેપછી પરમાત્માના સ્વાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતોનથી જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખ નિવૃત્તિ તો થાય છે,પણ આનંદનો અનુભવ થતો નથી.બ્રહ્મ જે રસાત્મક છે, આનંદાત્મક છે તેનો અનુભવ લેવા તેણે હું અલગ રહેવું પડે. થોડું દ્વૈત રાખવું પડે. તેથી ભક્ત કહે છેકે,હું મારા ભગવાનનો અંશ છું, હું મારા ભગવાનની ગોપી છું, મારે પરમાત્મા સાથે એક થવુંનથી મારે પરમાત્માની સેવા કરવી કે. ભક્ત જ્યારે લૌકિક દેહ છોડી અપ્રાકૃત શરીર ધારણ કરી ગોલોક ધામમાં પ્રવેશ કરે છે ત્યારે ભગવાનને આનંદ થાય છે કે,મારો અંશ મને મળવા આવ્યો. ભકિત કરતાં તુકારામ પાંડુરંગ બની ગયા. પણ તુકારામ કહે છે, કીર્તન કરવામાં મને આનંદ આવે છે તે પાંડુરંગ થવામાં નથી. જીવ ઈશ્વરથી જુદો રહે,તો તે રસનો અનુભવ કરી શકે છે. વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વર થી થોડો અલગ હે તેમ ઈચ્છે છે. ઈયળ ભમરીનું ચિંતન કરતાંકરતાં ભમરીરૂપ બની જાય છે, તેજ પ્રમાણે ઉવ બ્રહ્મનું ચિંતન કરતાં બ્રહ્મરૂપ બની જાય છે. આ થઈ કૈવલ્ય મુક્તિ,પણ વૈષ્ણવો આવી કેવલ્ય મુક્તિ ઈચ્છતા નથી તેઓ ઈશ્વરની પૂજા-સેવા કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા માટે થોડું દ્વૈત રાખે છે.જે વ્યાપક બ્રહ્મમાં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો પાણીનો સ્વાદ લઈ શકતો નથી,તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપને સ્વાનુભાવ કરી શકતો નથી.માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા- સ્મરણમાં શ્રેયાર્થતા અનુભવે છે. આ બંને સિદ્ધાંતો સત્ય છે. ખંડન મંડનની ભાંજગડ માં પડશો નહીં. પ્રભુ પણ ભેદાભેદ ભાવમાં માને છે. લીલામાં ભેદ માને છે, પરંતુ તત્ત્વદષ્ટિથી અભેદ છે. અભિન્ન હોવા છતાં સૂક્ષ્મ ભેદ છે. એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં આ સિદ્ધાંત મુજબ સમજાવતાં દષ્ટાંત આપ્યું છે. અશોકવનમાં રામ વિરહમાં સીતાજી રામનું અખંડ ધ્યાન- સ્મરણ કરે છે. સીતાજી ધ્યાનમાં તન્મય રહે છે કે, હું સીતા છું. તેમને થાય છે કે,હું જ રામ છું. આ કૈવલ્ય મુક્તિ.તેમણે એક વાર ત્રિજટાને કહ્યું કે, ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે, એમ રામજીનું ચિંતન કરતાં કરતાં હું રામ થઈ જઈશ? તો પછી રામજીની સેવા કોણ કરશે? પછી જગતમાં રામસીતા ની જોડી નહીં રહે. સીતાજીને રામરૂપ થવું નથી.તેમને તો રામજીની ચિંતા છે. સીતા થઈ રામજીની સેવા કરવામાં જે આનંદ છે,તે રામરૂપ થવામાં નથી. તેમને રામ થવામાં આનંદ નથી. ત્યારે ત્રિજટા કહે છે,ચિંતા ન કરો! પ્રેમ અન્યોન્ય હોવાથી રામજી તમારું ચિંતન કરતાંકરતાં સીતારૂપ થશે. રામ સીતાની જોડી જગતમાં કાયમ રહેશે. આ જ ભાગવતી મુક્તિનું રહસ્ય છે. વૈષ્ણવ આચાર્યો પહેલા દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈત પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેઓ કાલ્પનિક દ્વૈત રાખે છે, જેથી કનૈયાને ગોપી ભાવે ભજી શકાય. કહે છે મારે શ્રીકૃષ્ણ થવું નથી,મારે તો ગોપી થઈ શ્રી કૃષ્ણની સેવા કરવી છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે.આનું નામ અદ્વૈત મુક્તિ, કૈવલ્ય મુક્તિ, ભક્તો ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ. વિચાર પ્રધાન મનુષ્યો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે. ભાવના પ્રધાન મનુષ્યો જેનું હૃદય કોમળ છે, દ્રવે છે તેવા મનુષ્યો ભક્તિમાર્ગ પસંદ કરે છે. ઈશ્વરથી વિભક્ત ન થાય તેનું નામ ભક્તિ. સાધનોમાં ભક્તિ શ્રેષ્ઠ છે. ભક્તિશૂન્ય પુરુષોનાં સાધન નિષ્ફળ જાય છે. ભાગવતમાં જ્યાં જ્યાં ભક્તિ શબ્દ વપરાયેલો છે,ત્યાં તીવ્ર શબ્દ પણ સાથે વપરાયેલો છે. ભક્તિ તીવ્ર જોઈએ. તીવ્રતા વગરની સાધારણ ભક્તિ ન ચાલે. વૈરાગ્યની ઈચ્છાવાળા મુમુક્ષુ ભક્તે તીવ્ર ભક્તિ યોગથી પરમ પુરુષ પૂર્ણપરમાત્માનું પૂજન કરવું શુકદેવજી કહે, રાજન,કોઈપણ પ્રકારે મુક્તિ મેળવવી હોય, તો આરંભ માં ભોગનો ત્યાગ કરવો પડશે. ભોગી જ્ઞાનમાર્ગ માં કે ભક્તિ માર્ગમાં આગળ વધી શકશે નહીં.ભોગ ભક્તિ માં બાધક છે.ભોગ જ્ઞાનમાં પણ બાધક છે.ભોગ કરતાં ભોગના ત્યાગમાં અનંતગણું સુખ છે. ઈન્દ્રિયજન્ય સુખ સર્વ પ્રાણી ઓનું સરખું જ હોય છે.છપ્પન મણ રૂની તળાઈમાં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળે છે. મનુષ્યને શીખંડ ખાવામાં જે સુખ મળે છે તેવું સુખ ભૂંડને વિષ્ટા ખાવામાં મળે છે.મનુષ્યે બુદ્ધિપૂર્વક ભોગ છોડવા જોઈએ. ભોગમાં ક્ષણિક સુખ છે, ત્યાગમાં હંમેશ અનંતનું સુખ છે. ભોગથી શાંતિ મળતી નથી ત્યાગથી શાંતિ મળે છે. રાજા આજસુધી તે અનેક ભોગ ભોગવ્યા છે. હવે તારી એક-એક ઈન્દ્રિયને તું ભક્તિ રસનું દાન કર. ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કર. રાજન્ જેનું મરણ સમીપમાં આવ્યું છે, તે સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે, પરમાત્માનું ધ્યાન કર. ધીરે ધીરે સંયમને વધાર.સતત શ્રી કૃષ્ણનું ધ્યાન કરવું એ જ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે.ઈશ્વર સાથે તન્મય થાય તેને મુક્તિ મળે છે. રાજન, જન્મ તેનો સફળ થયો કે જેને ફરીવાર માના પેટમાં જવાનો પ્રસંગ જ ન આવે. ગર્ભવાસએ જ નરકવાસ છે. કર્મ અને વાસના લઈને જીવજન્મે છે,તેનો ગર્ભ વાસ એ નરકવાસ છે.આ દેહાભિમાન જ મિથ્યા છે. આજે છેલ્લે જોઈએ તો એક માણસ ક્યાંકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેણે રસ્તાની બાજુએ હાથીઓને બાંધેલા જોયા અને અચાનક થંભી ગયો. તેણે જોયું કે હાથીઓના આગળ ના પગમાં દોરડું બાંધેલું હતું તે જોઈને તેને આશ્ચર્ય થયું કે હાથીઓ જેવા વિશાળ જીવોને લોખંડની સાંકળોને બદલે માત્ર એક નાના દોરડાથી બાંધવામાં આવ્યા હતા! તે સ્પષ્ટ હતું કે હાથીઓ તેમના બંધન તોડી શકે છે અને જ્યારે પણ તેઓ ઈચ્છે ત્યારે ગમે ત્યાં જઈ શકે છે, પરંતુ કેટલાક કારણોસર તેઓ તેમ કરતા ન હતા. તેણે નજીકમાં ઉભેલા માહુતને પૂછ્યું કે આ હાથીઓ આટલી શાંતિથી કેવી રીતે ઉભા છે અને ભાગવાનો પ્રયાસ નથી કરી રહ્યા? ત્યારે માહુતે કહ્યું, ‘‘આ હાથીઓ નાનપણથી જ આ દોરડાથી બાંધેલા છે, તે સમયે તેમનામાં એટલી તાકાત નથી કે આ બંધન તોડી શકે. વારંવાર પ્રયત્નો કરવા છતાં પણ દોરડાને તોડી ન શકવાને કારણે, ધીમે ધીમે તેઓને વિશ્વાસ થઈ ગયો કે તેઓ આ દોરડાને તોડી શકતા નથી અને આ માન્યતા તેઓ મોટા થઈને પણ તેમની સાથે રહે છે, તેથી તેઓ ક્યારેય તોડવાની કોશિશ કરતા નથી.’’ તે માણસને નવાઈ લાગી કે આ શક્તિશાળી પ્રાણીઓ ફક્ત એટલા માટે પોતાના બંધન તોડી શકતા નથી કારણ કે તેઓ તેમાં વિશ્વાસ કરતા હતા! આ હાથીઓની જેમ, આપણામાં થી કેટલા લોકો, ફક્ત ભૂતકાળની નિષ્ફળતાને કારણે, એવું માનવા લાગે છે કે હવે આપણે આ કામ કરી શકતા નથી અને આખું જીવન આપણે પોતે બનાવેલી માનસિક સાંકળોમાં ફસાઈને વિતાવીએ છીએ. વિદ્યાર્થી ભાઈ બહેનો યાદ રાખો કે નિષ્ફળતા જીવનનો એક ભાગ છે અને સફળતા ફક્ત સતત પ્રયત્નો દ્વારા જ પ્રાપ્ત થાય છે. જો તમે પણ એવા કોઈ બંધનમાં બંધાયેલા છો જે તમને તમારા સપના સાકાર કરતા અટકાવી રહ્યું છે તો તેને તોડી નાખો... તમે એક માણસ છો, હાથી નહીં. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### વધુ એક પ્રેમ કહાણીમાં જોવા મળશે

## ‘સનમ તેરી કસમ‘ ફેમ હર્ષવર્ધનની નવી ફિલ્મની જાહેરાત કરી






**હર્ષવર્ધનએ હજુ સુધી તેની ઇન્સ્ટાગ્રામ પોસ્ટ પર ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરી નથી**

‘સનમ તેરી કસમ‘ ફિલ્મ જોયા પછી ચાહકો હર્ષવર્ધન રાણેને મોટા પડદા પર જોવા માટે ઉત્સુક હતા, જેની રાહ હવે પૂરી થઈ ગઈ છે. અભિનેતાએ સોશિયલ મીડિયા પર નવી ફિલ્મ દિવાનીયતની જાહેરાત કરી છે.ફિલ્મ ‘સનમ તેરી કસમ‘ ફરીથી રિલીઝ થયા પછી અભિનેતા હર્ષવર્ધન રાણેએ પોતાની નવી ફિલ્મની જાહેરાત કરી છે. અભિનેતાએ સોશિયલ મીડિયા પર ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મનું નામ ‘દિવાનીયત’ છે, જે પ્રેમ અને તૂટેલા દિલની કહાણી પર આધારિત છે.હર્ષવર્ધન રાણેએ હજુ સુધી તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરી નથી, પરંતુ તેણે ચોક્કસ લખ્યું છે કે આ ફિલ્મ આ વર્ષે જ સિનેમાઘરોમાં રિલીઝ થશે. અભિનેતાએ પોસ્ટ પર લખ્યું કે દિવાનીયત એક ફિલ્મી વાર્તા છે, પ્રેમ અને તૂટેલા દિલની કહાણી ૨૦૨૫ માં સિનેમાઘરોમાં આવશે. જેનું મોશન પોસ્ટર રિલીઝ થઈ ગયું છે.‘સનમ તેરી કસમ‘ ફિલ્મ જોયા પછી ચાહકો હર્ષવર્ધન રાણેને મોટા પડદા પર જોવા માટે ઉત્સુક હતા, જેની રાહ હવે પૂરી થઈ ગઈ છે. આ ફિલ્મનું દિગ્દર્શન મિલાપ ઝવેરી કરી રહ્યા છે. આ ફિલ્મનું નિર્માણ ધ સાબરમતી રિપોર્ટના નિર્માતાઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. અભિનેત્રી વિશે હાલમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.હર્ષવર્ધન રાણેની આઈકોનિક લવ સ્ટોરી ‘સનમ તેરી કસમ‘ બોક્સ ઓફિસ પર ફરીથી રિલીઝ થઈ છે . આ ફિલ્મનું કલેક્શન આજકાલ ખૂબ જ સારું ચાલી રહ્યું છે. તેણે નવી રિલીઝ થયેલી ફિલ્મો કરતાં પણ વધુ સારો દેખાવ કર્યો છે. ‘સનમ તેરી કસમ‘ રિલીઝ થયાને સાત દિવસ થઈ ગયા છે અને ફિલ્મે અત્યાર સુધીમાં ૩૦ કરોડ રૂપિયાનું ચોખ્ખું કલેક્શન કર્યુ છે.



## ૫૮ વર્ષીય પાકિસ્તાની મુફ્તી સાથે લગ્ન કરશે તો ચમકશે રાખી સાવંતનું નસીબ

**એક જમીનદારે અભિનેત્રી રાખી સાવંતને દાગીના અને રૂપિયા આપવાનું કહ્યું છે**

અભિનેત્રી રાખી સાવંત થોડા સમય માટે પાકિસ્તાનમાં લગ્ન કરવા અંગેના તેમના નિવેદનને કારણે ચર્ચામાં છે. રાખીએ ઘણા વીડિયો શેર કર્યા છે, જેમાં તે પાકિસ્તાન જવાની અને ત્યાં લગ્ન કરવાની વાત કરતી જોવા મળે છે. દરમિયાન, મુફતીએ રાખીને લગ્નની ઓફર આપી. પાકિસ્તાનના દક્ષિણ પંજાબના એક જમીનદારે અભિનેત્રી રાખી સાવંતને દાગીના અને રૂપિયા આપવાનું કહ્યું છે હવે લેન્ડલોર્ડએ રાખીને કરોડોની ભેટ આપ વાનું કહ્યું છે..પાકિસ્તાનના દક્ષિણ પંજાબના એક જમીનદારે અભિનેત્રી રાખી સાવંતને દાગીના અને રૂપિયા આપવાનું કહ્યું છે. હું તેને હીરા અને સોનાના



દાગીનાની ભેટ આપીશ : મુફ્તી, જો કે, તે કહે છે કે જ્યારે રાખી પાકિસ્તાનના ૫૮ -વર્ષના મુફ્તી અબ્દુલ કવિ સાથે લગ્ન કરશે. છેલ્લા કેટલાક દિવસોથી, પાકિસ્તાનમાં લગ્ન થવાની વાતોને કારણે રાખી સતત ચર્ચામાં છે. મુફ્તી કવિએ પણ તાજેતરમાં રાખી સાથે લગ્ન કરવાની ઈચ્છા કરી હતી.પાકિસ્તાનના આ જમીનદાર સરદાર મુઝફ્ફર કોલાચી છે. મળતી માહિતી મુજબ મુઝફ્ફર કોલાચીએ મુફ્તી કવિનો ોએક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમણે આ ઓફર રાખીને આપી છે. વીડિયોમાં, તે રાખીને રૂપિયા ૩૫૦,૦૦૦,૦૦૦ (૩૫ કરોડ પાકિસ્તાની રૂપિયા) અને લાખો રૂપિયાના દાગીના આપવાનું કહે છે.

### આતિફ અસલમે પ્રેમનો પાઠ આપ્યો, લોકોનું ધ્યાન ખેંચ્યું

## પૈસા હશે તો સંબંધ આપમેળે બનશેઃ આતિફ

પાકિસ્તાની ગાયક આતિફ અસલમે તાજેતરમાં પ્રેમ અને બ્રેકઅપ વિશે વાત કરી. તેમણે તૂટેલા પ્રેમીઓને બ્રેકઅપનો સામનો કેવી રીતે કરવો તે અંગે સલાહ આપી અને સમજાવ્યું કે તમારા માટે પૈસા કેટલા મહત્વપૂર્ણ છે. કેટલાક લોકો આતિફને ‘લવ ગુરુ’ કહી રહ્યા છે તો કેટલાક તેની ટીકા કરી રહ્યા છે.ગાયક આતિફ અસલમે બ્રેકઅપ વિશે કંઈક એવું કહ્યું છે જેનાથી આ મામલો લોકોના ધ્યાન પર આવ્યો છે. તેમણે કહ્યું કે બ્રેકઅપ્સ વ્યક્તિને વિકાસ કરવામાં મદદ કરે છે, અને તેમના વિચારોએ ઓનલાઈન ઘણું ધ્યાન ખેંચ્યું. ઘણા લોકોએ તેમની સલાહની પ્રશંસા કરી જ્યારે કેટલાક તેના પર ચર્ચા કરી રહ્યા છે. આતિફના લગ્ન સારા ભરવાના સાથે થયા છે અને તેમને ત્રણ બાળકો છે. ગાયિકાએ તેના વ્લોગમાં બ્રેકઅપ વિશે વાત કરી જ્યારે એક ચાહકે તેને ‘આદત’ ગીતની



પૃષ્ઠભૂમિ વિશે પૂછ્યું.આતિફ અસલમે ચાહકના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે તેમાં કંઈ ખાસ નથી, પરંતુ તેણે આ ગીત તેના જીવનના એકલતાના સમયગાળા દરમિયાન બનાવ્યું હતું. તેણે ખુલાસો કર્યો કે તે સમયે તે બ્રેકઅપમાંથી પસાર થઈ રહ્યો હતો અને પછી એક ચાહકે તેની પાસે સલાહ માંગી, જેમાં તેણે જણાવ્યું કે તે તાજેતરમાં બ્રેકઅપ માંથી પસાર થયો છે. આતિફે જવાબ આપ્યો કે બ્રેકઅપ તેના જીવનનો શ્રેષ્ઠ નિર્ણય હતો, અને ઉમેર્યું કે જો તેણીએ પહેલ કરી હોત, તો તેને તેના પર ખૂબ ગર્વ હોત.આતિફે કહ્યું, ‘જીવનમાં હજી ઘણું બધું પ્રાપ્ત કરવાનું છે. બ્રેકઅપ, મેકઅપ અને સંબંધો કોઈના હેતુને વ્યાખ્યાયિત કરતા નથી. તેમણે પોતાના ચાહકોને તેમના કરિયર પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે આગળ ઉમેર્યું, ‘એકવાર તમારી પાસે પૂરતા પૈસા થઈ જાય, પછી સંબંધો તમારી પાસે આવશે, તમે જશો નહીં.’તેમનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે, જેના પર લોકોની અલગ અલગ પ્રતિક્રિયાઓ છે. જ્યારે ઘણા લોકો જીવન અને સંબંધો પ્રત્યેના તેના વલણની પ્રશંસા કરી રહ્યા છે, ત્યારે કેટલાક દલીલ કરે છે કે પ્રેમ અને સાથ કારકિર્દીની સફળતા જેટલા જ મહત્વપૂર્ણ છે. એક ચાહકે લખ્યું- એટલા પૈસા હોવા જોઈએ કે બ્રેકઅપ પછી તમને ક્યારેય ખરાબ ન લાગે જ્યારે બીજાએ કહ્યું- આતિફ થેરાપિસ્ટ.

### ભાગી નથી રહ્યો, તપાસમાં સહયોગ કરીશ

## રણવીર અલ્હાબાદિયાની સોશિયલ મીડિયામાં પોસ્ટ



**મારી ટીમ અને હું પોલીસ અને અન્ય અધિકારીઓ સાથે તપાસમાં સહયોગ કરી રહ્યા છીએ : રણવીર**

યુટ્યુબર રણવીર અલ્હાબાદિયા હાલમાં વિવાદોમાં ઘેરાયેલા છે. તેમના શો ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’માં અપશબ્દોના ઉપયોગને લઈને તેમની ભારે ટીકા થઈ રહી છે. આ મામલો એટલો વધી ગયો છે કે તેમના વિરુદ્ધ FIR પણ નોંધાઈ છે અને પોલીસ તપાસ ચાલી રહી છે.આ દરમિયાન રણવીર અલ્હાબાદિયાના ગાયબ થવાની અફવાઓ પણ સોશિયલ મીડિયા પર ફેલાઈ રહી હતી. જોકે, હવે રણવીરે પોતે સામે આવીને સ્પષ્ટતા કરી છે કે તે ભાગી રહ્યા નથી અને તપાસમાં સહયોગ કરશે. રણવીરે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને જણાવ્યું છે કે, ‘‘મારી ટીમ અને હું પોલીસ અને અન્ય અધિકારીઓ સાથે તપાસમાં સહયોગ કરી રહ્યા છીએ. હું પ્રોસેસને ફોલો કરીશ અને હજુ એજન્સી માટે ઉપલબ્ધ રહીશ.’’ તેમણે વધુમાં જણાવ્યું કે, ‘‘માતા-પિતા વિશે મારી ટિપ્પણીઓ અસંવેદનશીલ અને અયોગ્ય હતી. સુધરવું એ મારી નૈતિક જવાબદારી છે અને મને ખરેખર દુઃખ છે.’’રણવીરે પોતાની પોસ્ટમાં એ પણ જણાવ્યું છે કે કેવી રીતે લોકો તેમને અને તેમના પરિવારને પરેશાન કરી રહ્યા છે, જેના કારણે તેઓ ભયભીત છે. તેમણે લખ્યું છે કે, ‘‘હું લોકો પાસેથી જાનથી મારી નાખવાની ધમકીઓ આવતી જોઈ રહ્યો છું, જ્યાં તેઓ કહી રહ્યા છે કે તેઓ મને મારવા ઈચ્છે છે અને મારા પરિવારને નુકસાન પહોંચાડવા ઈચ્છે છે. લોકો દર્દી બનવાનું નાટક કરીને મારી માતાના ક્લિનિકમાં ઘૂસી આવ્યા હતા. હું તો ભયભીત છું અને મને નથી ખબર કે શું કરવું જોઈએ. પરંતુ હું ભાગી નથી રહ્યો. મને પોલીસ અને ભારતની ન્યાય પ્રણાલી પર સંપૂર્ણ વિશ્વાસ છે.’’

## બોયફ્રેન્ડે અપહરણ કરી નર્ક બનાવી દીધું જીવન

**એક્ટ્રેસે બોલીવુડમાં ખૂબ નામના મેળવી, પરંતુ તેની પર્સનલ લાઈફ વિવાદો અને મુશ્કેલીઓથી ઘેરાયેલી રહી**

એક્ટ્રેસે બોલીવુડમાં ખૂબ નામના મેળવી, પરંતુ તેની પર્સનલ લાઈફ વિવાદો અને મુશ્કેલીઓથી ઘેરાયેલી રહી. તે અચાનક સિનેમાથી દૂર થઈ ગઈ હતી. તેણે એકવાર પોતાની દર્દનાક આપવીતી વિશે જણાવ્યું હતું. એક્ટ્રેસના બોયફ્રેન્ડે તેના પર ખૂબ જુલમો કર્યા હતા. એક્ટ્રેસે બોલીવુડમાં ખૂબ નામના મેળવી, પરંતુ તેની પર્સનલ લાઈફ વિવાદો અને મુશ્કેલીઓથી ઘેરાયેલી રહી તેને શારીરિક અને માનસિક રીતે ખૂબ તકલીફો પહોંચાડી હતી. જેના આઘાતમાંથી તે ક્યારેય બહાર આવી શકી નહીં.એક્ટ્રેસે પોતાનું દુઃખ ઓછું કરવા માટે ખરાબ અનુભવોને લોકો સાથે શેર કર્યા, અમે વાત કરી રહ્યા છીએ ફેમસ એક્ટ્રેસ કોએના મિત્રાની. તે એક સમયે પાયલોટ સાથે રિલેશનશિપમાં હતી. જે ૨૦10 સુધી ચાલ્યું. કોએના મિત્રાએ બિગ બોસ ૧૩માં લાઈમલાઈટથી દૂર જવાનું કારણ પણ જણાવ્યું હતું. કોએના મિત્રાએ કહ્યું હતું, ‘હું ખૂબ નાની



હતી જ્યારે હું કામ કરવા માટે ઘરની બહાર નીકળી. મારા માતા-પિતાને આશા નહોતી કે, હું ક્યારેય બંગાળ છોડીને બહાર જઈશ. તેનું માનવું હતું કે, હું જે પણ કરીશ, ત્યાં રહીને કરીશ.’કોએના મિત્રાએ કહ્યું હતું કે તેમનો બોયફ્રેન્ડ ખૂબ જ પઝેસિવ હતો. તેમને ઈવેન્ટમાં જવા દેવા માટે બોયફ્રેન્ડે તેમને બાથરૂમમાં બંધ કરી દીધી હતી. બોયફ્રેન્ડે કોએનાને તુર્કી જઈને તેમના પેરેન્ટ્સને મળવા માટે દબાણ કર્યુ હતું. આ વ્યક્તિએ પછી તેમનો પાસપોર્ટ સળગાવી નાખવાની ધમકી આપી, જેથી લગ્ન પછી તે તેમને છોડી ન શકે. આ દુખદ અનુભવ પછી, કોએનાએ સિંગલ રહેવાનો નિર્ણય કર્યો હતો.



### નવી તસવીર જોઈને લોકો બોલી ઉઠ્યા વાહ!!

## મુંબઈ પહોંચ્યા બાદ વધુ નિખરી રહી છે મહાકુંભની મોનાલિસા

મોનાલિસા મુંબઈ પહોંચી ગઈ છે અને તેની એક્ટિંગની ટ્રેનિંગ પણ શરુ થઈ ગઈ છે. ટ્રેનિંગ પુરી થતાં જ ફિલ્મનું શૂટિંગ પણ શરુ કરી દેશે. આ વચ્ચે મોનાલિસાની કેટલીક તસવીરો પણ સામે આવી રહી છે.મહાકુંભમાં માળા વેચવા આવેલી છોકરી મોનાલિસા હવે સોશિયલ મીડિયા પર સનસનાટી બની ગઈ છે. તેની સુંદરતા જોઈને લોકો તેના દિવાના બની ગયા અને આ સુંદરતાએ તેને બોલિવૂડની ટિકિટ અપાવી છે.મોનાલિસાના ફોટો અને વિડિયો વાયરલ થયા બાદ બોલિવૂડે તેને ફિલ્મ ઓફર કરી છે. ડાયરેક્ટર સનોજ મિશ્રા પોતે તેના ગામે જઈને મોનાલિસાને ફિલ્મ ઓફર કરી છે. હવે મોનાલિસાએ પણ એક્ટ્રેસ બનાવવા માટે પોતાની સફર શરૂ કરી દીધી છે. તેણે મુંબઈ જઈને પોતાના સફરની નવી શરૂઆત કરી છે.મોનાલિસા મુંબઈ પહોંચી ગઈ છે અને તેની એક્ટિંગની ટ્રેનિંગ પણ શરુ થઈ ગઈ છે. ટ્રેનિંગ પુરી થતાં જ ફિલ્મનું શૂટિંગ પણ શરુ કરી દેશે. આ વચ્ચે મોનાલિસાની કેટલીક તસવીરો પણ સામે આવી રહી છે અને ફોટોઝમાં તે ખૂબ જ સુંદર દેખાઈ રહી છે. જેને જોયા બાદ લાગી રહ્યું છે કે તેના પર ગ્લેમરનો રંગ હવે ધીમે ધીમે ચઢવા લાગ્યો છે.



## સલમાન ખાનની ‘સિકંદર’ સાથે અક્ષય કુમારની ‘હાઇસફુલ ૫’નું ટ્રેલર જોવા મળશે

**સાજીદ નડિયાદવાલા ૨૦૨૫ના વર્ષમાં એક પછી એક ફિલ્મ સાથે બોક્સ ઓફિસ પર રાજ કરવા તૈયાર છે**

સાજીદ નડિયાદવાલા ૨૦૨૫ના વર્ષમાં એક પછી એક ફિલ્મ સાથે બોક્સ ઓફિસ પર રાજ કરવા તૈયાર છે. આવનારા દસ મહિનામાં તેણે પ્રોડ્યુસ કરેલી ચાર ફિલ્મો રિલીઝ થઈ રહી છે. ૨૦૨૫ની ઈદના દિવસે એ.આર. મુર્ગાદોસે ડિરેક્ટ કરેલી સલમાન ખાન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ ‘સિકંદર’ રિલીઝ થઈ રહી છે. તેના ૫ છી નડિઆદવાલાની હાઉસફુલ ફ્રેન્ચાઈઝીની ફિલ્મ આવશે. જેમાં અક્ષય કુમાર સાથે રિતેશ દેશમુખ સહીતના ઘણા કલાકારો છે. આ ફિલ્મ જુન મહિનામાં રિલીઝ થઈ રહી છે. ત્યાર પછી ટાઈગર શ્રોફની ‘બાગી ૪’ આવશે અને અંતે વિશાલ ભારદ્વાજની શાહિદ કપૂર લીડ રોલમાં છે એ ફિલ્મ આવશે. ત્યારે સાજિદ નડિયાદવાલા તેની ફિલ્મોની પહેલી ઝલક દર્શાવવા માટે પણ યોગ્ય પ્લાનિંગ કરે છે. ‘સિકંદર’ ફિલ્મ સાથે તે ‘હાઉસફુલ ૫’ની ઝલક બતાવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર,‘‘હાઉસફુલ બોલિવૂડની જાણીતી કોમેડી ફ્રેન્ચાઈઝી છે, જે એવી પહેલી ફ્રેન્ચાઈઝી છે, જેની પાંચમી ફિલ્મ આવી રહી છે. તેમાં રિતેશ દેશમુખ, અભિષેક બચ્ચન,સંજય દત્ત, ફરદીન ખાન, જોની લીવર, જેકલિન ફર્નાન્ડિઝ, નરગિઝ ફખરી, સોનમ બાજવા સહીતના કલાકારોનો કાફલો છે. આ ફિલ્મ ખાસ સિકંદર વખતે દર્શાવાશે, જેથી મોટી સંખ્યામાં સલમાનની ફિલ્મ જોવા આવેલા લોકો હાઉસફુલની દુનિ.ના ગાંડપણની મજા લઈ શકે. એક ક્રુઝ પર આકાર લેતી ફિલ્મની વાર્તા અનોખા પ્રકારની છે. જેમાં સિચ્યુએશનલ હ્યુમરની સાથે થ્રિલ અને કોમેડીની મજા મળશે. તો આ પ્રકારે ટ્રેલર લૉંચ કરવાનું આ વિચારપૂર્વક લેવાયેલું પગલું છે. ’’સૂત્રએ આગળ કહ્યું, ‘‘સાજીદનો વિચાર ઈદની ખાસ રિલીઝ સિકંદરમાં ટ્રેલર જોડીને સાજીદ બરાબર નિશાન પર તીર મારી રહ્યા છે. ત્યારે થિએટરમાં ફિલ્મ જોવા જતાં લોકોને સીધો જ સંદેશ આપવાનો તેમનો વિચાર છે.’’સિકંદરનું પ્રમોશન અને માર્કેટિંગ ફેબ્રુઆરીના અંતમાં શરૂ થશે અને માર્ચના અંતમાં ફિલ્મ રિલીઝ થશે.






## બર્થ ડે મનાવવા પહોંચી રણબીર-આલિયાની લાડલી

**પરિવારના વડીલ એવા અભિનેતા રણધીર કપૂરનો બર્થડે હોય એટલે પાર્ટી તો હોય જ**

દિગ્ગજ અભિનેતા રણધીર કપૂરે ૭૮ મો જન્મદિવસ સેલિબ્રેટ કર્યો હતો. રણધીર કપૂરના પરિવારે તેમનો બર્થ ડે ભારે ધૂમધામથી મનાવ્યો હતો. તેમની બર્થડે માટે પંચ તારક હોટલમાં એક સ્ટાર સ્ટડેડ પાર્ટી હોસ્ટ કરવામાં આવી હતી, જેમાં અનેક સેલિબ્રિટીઝ સામેલ થયા હતા. અભિનેતાના જન્મદિવસ પર તેમની દીકરીઓ કરિશ્મા, કરીના ઉપરાંત તેમની બેસ્ટ ફ્રેન્ડ મલાઈકા અરોરા અને અમૃતા અરોરા ઉપરાંત અનેક સેલિબ્રિટી હાજર રહ્યા હતા. જોકે, આલિયા ભટ્ટ અને રણબીર કપૂર આ પાર્ટીમાં જોવા નહોતા મળ્યા, પરંતુ તેમની નાનકડી દીકરી રાહા દાદી નીતુ કપૂર સાથે આ પાર્ટીમાં પહોંચી હતી અને પાર્ટીની જાન બની ગઈ હતી.કપૂર પરિવાર તેમની મોટી મોટી પાર્ટીઓ માટે જાણીતો છે. તેઓ દરેક ઉજવણી ધામધૂમથી કરવામાં માને છે. એવામાં પરિવારના વડીલ એવા અભિનેતા રણધીર કપૂરનો બર્થડે હોય એટલે પાર્ટી તો હોય જ. રણધીર કપૂરના બર્થડેમાં પરિવારની સાથએ સ્ટાર્સ પણ જોડાયા હતા. આ દરમિયાન દાદી નીતુ કપૂર સાથે આવેલી બેબી રાહા પણ તેની કાલીઘેલી બોલી અને નિર્દોષ મસ્તી મજાકથી લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી. એણે પાર્ટીમાં મમ્મી પપ્પાની કમી જ સાલવા નહોતી દીધી. સફેદ ફ્રોક અને વાઈટ સ્નીકર્સમાં રાહા પરી જેવી સુંદર લાગી રહી હતી.નાનકડી રાહા કપૂર સાથે દાદી નીતુ કપૂર પણ સ્ટાઈલમાં પાર્ટીમાં હાજર થયા હતા. સફેદ ટી શર્ટની ઉપર બેજ કલરનું બ્લેઝર અને બ્લ્યુ જીન્સમાં નીતુ કપૂર ઘણા સ્ટાયલિશ લાગી રહ્યા હતા. પાપારાઝીઓ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં નીતુ કપૂર કારમાંથી બહાર આવતા દેખાય છે. તેમની આગળ આયા



**કપૂર પરિવાર તેમની મોટી મોટી પાર્ટીઓ માટે જાણીતો છે, તેઓ દરેક ઉજવણી ધામધૂમથી કરવામાં માને છે**

સાથે ક્યુટી બેબી રાહા પણ જોવા મળે છે.રાહા અને નીતુ કપૂર ઉપરાંત આ બર્થડે બેશમાં અનેક સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. કરિશ્મા-કરીનાએ પિતાના બર્થ-ડેને યાદગાર બનાવવામાં કોઈ કસર છોડી નહોતી. આ ઉપરાંત બોલિવૂડની જાણીતી સેલિબ્રિટી સીસ્ટર્સ મલાઈકા અને અમૃતા અરોરા પણ પાર્ટીમાં સામેલ થયા હતા. હાલમાં જ મેરેજના બંધનમાં બંધાયેલા આદર જૈન અને તેની પત્ની અલેખા અડવાણી પણ આ ઈવેન્ટમાં પહોંચ્યા હતા.

### અંદાજીત ૭૭ ટકા ઉપરાંત વોટિંગ થયેલ હોવાની સંભાવના

# ઝાલોદ નગરપાલિકા ચૂંટણી સંદર્ભે શાંતિ પૂર્ણ વાતાવરણમા મતદાન યોજાયું

### વ્હીલ ચેર ન હોવાથી મોટી ઉમરના મતદારોને મતદાન કરવા તકલીફ પડી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ સ્થાનિક નગરપાલિકા ચૂંટણી આજરોજ તારીખ ૧૬-૦૨-૨૦૨૫ રવિવારના રોજ યોજાઈ હતી કુલ સાત વોર્ડ માટે અઠ્ઠાવીસ ઉમેદવારો જીત માટે જોઈએ છે તે માટે કુલ ૧૦૮ ઉમેદવારો એ વિવિધ રાજકીય પાર્ટી તેમજ અપક્ષના વિવિધ ચૂંટણી ચીન્હ સાથે ચૂંટણી જંગમાં ઝંપલાવેલ છે.

નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે વિવિધ મતદાન મથકોએ ઈ.વી.એમ મશીન ખોટકાયા હોવાના બનાવો બન્યા હતા આ અંગે વહીવટી તંત્ર દ્વારા આ સમસ્યાનો તાકીદે નિરાકરણ લાવી ઈ.વી. એમ મશીનો ચાલુ કર્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વ્હીલ ચેર ન હોવાથી વિકલાંગ મતદારો માટે તેમજ પ્રૌઢ ઉમેદવારોને મતદાન બુથ પર લઈ જવા માટે હાલાકી પડી હતી. સવારથી જ ચુસ્ત પોલિસ બંદોબસ્ત વિવિધ બુથ મથકોની બહાર મુકવામાં આવેલ હતો. સમગ્ર પોલિસ બંદોબસ્તની સમીક્ષા કરવા માટે દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક ડૉ. રાજદિપસિંહ ઝાલાએ વિવિધ મતદાન બુથોની મુલાકાત લીધી હતી અને ચૂંટણી સંબંધિત પોલીસની વ્યવસ્થા અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું. ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીયાએ પણ વિવિધ મતદાન મથકની મુલાકાત લીધી હતી. ચૂંટણી યોજાઈ રહેલ છે તે વિવિધ બિલ્ડિંગમા વિવિધ બુથ મથકો પર અંદર બુથ મથક પર મતદારો અટવાતા જોવા મળતા હતા. કયા બુથ મથકો પર મતદાન કરવું તેનું માર્ગદર્શન કરવા કોઈ સરકારી પ્રતિનિધિ બિલ્ડિંગની અંદર જોવા મળતા ન હતા. અમુક મતદાન મથક પર સાક્ષર ન હોય તેવા મતદાતા મતદાન કરવા માટે અટવાતા જોવા મળતા હતા. વોર્ડ નંબર ૫ માં એક મતદાર પોતાના લગ્ન કરતા પહેલા લોકશાહીના ઉત્સવની ઉજવણી કરવા મતદાન કરવા આવતા કુતૂહલ સર્જાયું હતું તેમજ વિવિધ મતદાતાઓ તેના સાથે સેલ્ફી પાડી ખુશ થતાં જોવા મળતા હતા.

અમુક વિસ્તારોમાં ભીડભાડને લઈ પોલિસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી તે તમામને મતદાન મથકો પર થી દૂર કરવામાં આવ્યા હતા. સાંભળ્યા મુજબ એક મતદાન મથક પર થી બે ડમી વોટર ઝડપાયા હોવાની વાતો સાંભળવા મળી રહેલ છે તે હજુ કેટલી સત્ય છે તે પોલિસ તપાસ પછી ખબર પડે તેમ છે. ઝાલોદ નગરમાં સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મતદારો મોટા પ્રમાણમાં મતદાન મથકે વોટિંગ કરવા આવેલ હતા. પુરુષ મતદારો કરતા સ્ત્રી મતદારોનું મતદાન વધુ થયેલ હોવાનું માલુમ પડેલ છે. ઝાલોદ નગરના સાતે વોર્ડમા શાંતિમય વાતાવરણ વચ્ચે મતદાન પૂર્ણ થયેલ હતું. પોલિસ દ્વારા પણ સવારથી દરેક બુથ મથકો પર ચાંપતો બંદોબસ્ત મુકેલ હતો તેમજ કોઈ પણ અનિચ્છનીય બનાવ બનતા પોલિસ તંત્રે પણ હાંસકારો લીધો હતો. જાણવા મળ્યા મુજબ વોર્ડ નંબર ૬ ભાણપુરા મુકામે લાંબી લાઈનો હોવાથી ત્યાં વોટિંગ ૬ વાગ્યા પછી પણ ચાલતું હતું. આ વોટિંગ સાત થી આઠ વાગ્યા સુધી પૂરું થાય તેવી સંભાવનાઓ જોવા મળેલ છે. અંદાજીત ૭૭ ટકા ઉપરાંત વોટિંગ થયેલ હોવાની સંભાવનાઓ જોવા મળેલ છે.

# રાજ્યની GMERS સંલગ્ન ૭ હોસ્પિટલમાં અત્યાધુનિક હાઇ એન્ડ માઇક્રોસ્કોપ ઉપલબ્ધ થયા

। (માહિતી) વડોદરા., તા.૧૭ ।

રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગની સેવાઓને ઉત્તમ થી સર્વોત્તમ બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે.

રાજ્યની ૭ GMERS સંલ્ગન હોસ્પિટલમાં અત્યાધુનિક નવીન હાઈ એન્ડ માઈક્રોસ્કોપ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

અંદાજીત રૂ. ૭ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવેલ આ હાઈ-એન્ડ માઈક્રોસ્કોપ દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે.

આ માઈક્રોસ્કોપના પ્રત્યેક યુનિટની કિંમત આશરે ૧ કરોડ રૂપિયા છે.

ગુજરાતની સોલા (અમદાવાદ), ગાંધીનગર, ગોત્રી (વડોદરા), પાટણ, હિંમતનગર, જૂનાગઢ અને વલસાડની GMERS મેડિકલ હોસ્પિટલને આ આધુનિક ઉપકરણ મળ્યું છે.

આ માઈક્રોસ્કોપ દ્વારા GMERS મેડિકલ હોસ્પિટલને "સેન્ટર ઓફ એક્સેલન્સ" તરીકે વિકસાવવાની દિશામાં પ્રેરણા મળશે. ગુજરાતના નાગરિકોને વિદેશી સ્તરની તબીબી સારવાર ઘરઆંગણે જ ઉપલબ્ધ થશે.




આ સુવિધાથી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, છોટા ઉદેપુર, મહિસાગર, જુનાગઢ, વલસાડ, નવસારી, ડાંગ, ગીર-સોમનાથ, અમરેલી જિલ્લાના આશરે ૪ હજારથી વધુ ગામોને આરોગ્યલાભ મળશે.

આ માઈક્રોસ્કોપ પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (PGCIL), જે ભારત સરકારની મહારત્ન કંપની છે, તેના સી.એસ.આર. (Corporate Social Responsibility) યોજના અંતર્ગત રાજ્ય માટે ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. પાવરગ્રિડ વીજ પરિવહન (power transmission) ક્ષેત્રે મહત્વનું કાર્ય કરે છે અને આરોગ્ય, શિક્ષણ અને સામાજિક વિકાસ માટે સામાજિક દાયિત્વને પણ પૂર્ણ કરે છે.

# હજીરા પોર્ટથી મગદલ્લા સુધીની ૨૧ કિમીની ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા યોજાઈ





। (માહિતી) સુરત, તા.૧૭ ।

રાજ્યના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ-ગાંધીનગર આયોજિત હરિઓમ આશ્રમ-નડિયાદ પ્રેરિત અને સુરત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા હજીરા પોર્ટ રો-રો ફેરી પાસેથી શરૂ કરી મગદલ્લા પોર્ટ (૨૧ કિ.મી.) સુધી યોજાઈ હતી. હજીરાથી ગણપતિ વિસર્જન ઓવારા સુધી આયોજિત સઢવાળી હોડીઓ વચ્ચેની આ હરિફાઈમાં ૧૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ત્રણ ક્રમના વિજેતાઓને ધારાસભ્ય મનુભાઈ પટેલ, યુથ ફોર ગુજરાતના અધ્યક્ષ શ્રી જીજ્ઞેશ પાટિલ અને મહાનુભાવોના હસ્તે ઈનામ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. પૂ.મોટા પ્રેરિત હરિઓમ આશ્રમ(સુરત-નડીયાદ) તરફથી પ્રથમ નંબરે વિજેતા બનેલી ગિજુભાઈ રામુભાઈ પટેલની હોડી 'હેતલ પ્રસાદ'ને રૂ.૫૧,૦૦૦, બીજા ક્રમે નરેશ ધનસુખભાઈ પટેલની હોડી 'વિશ્વજ્યોતિ'ને રૂ.૩૫,૦૦૦ તેમજ ત્રીજા સ્થાન પર કલ્પેશ ઈશ્વરભાઈ પટેલની 'જળતાપી' હોડીને રૂ.૨૫,૦૦૦ અર્પણ કરાયા હતા. જ્યારે અન્ય સાત સ્પર્ધકોને આશ્વાસન ઈનામરૂપે પ્રત્યેકને ૧૫,૦૦૦ પુરસ્કાર અપાયા હતા. આ વેળાએ 'યુથ ફોર ગુજરાત' સંસ્થા તરફથી પણ પ્રથમ એકથી ત્રણ ક્રમના વિજેતાઓને અનુક્રમે રૂ.૧૫,૦૦૦, રૂ.૧૦,૦૦૦ અને રૂ.૫૦૦૦ એનાયત કરાયા હતા. અનોખી સ્પર્ધાને નિહાળવા મોટી સંખ્યામાં સુરતીઓ ઉમટી પડયા હતા અને દરિયામાં હવાના જોરે પૂરપાટ વહેતી હોડીઓના નાવિકોનો ઉત્સાહ વધાર્યો હતો. ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલે વિજેતા ખલાસીઓ અભિનંદન આપતા કહ્યું કે, સાગરખેડૂ કોમ સાહસિક અને ખડતલ હોય છે. ખલાસી યુવકોને લાંબા અંતરનો સાગર પ્રવાસ ખેડવાની પ્રેરણા મળે, તેમનો સાહસિક વારસો તેમજ ગૌરવ જળવાય રહે તે માટે પ્રતિવર્ષ આ સ્પર્ધા યોજવામાં આવે છે એમ જણાવી સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લેનાર ખલાસીઓના જોમ-જુસ્સાને બિરદાવ્યા હતા. યુથ ફોર ગુજરાત ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી જીજ્ઞેશ પાટિલે જણાવ્યું કે, સાગરખેડૂઓ તોફાન સામે, વાવાઝાડા સામે, વંટોળનો મુકાબલો કરી દરિયો ખેડે છે. તેમના જીવનમાંથી નાગરિકોએ આ પ્રતિકાર શક્તિને બોધપાઠ સ્વરૂપે શીખવા જેવી છે. નાવિક યુવાનો માટે જરૂરી તમામ મદદ કરવા યુથ ફોર ગુજરાત સંસ્થા તત્પર છે એમ જણાવી વિજેતાઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે મામલતદાર આશિષ નાયક, જિલ્લા યુવા વિકાસ અધિકારી રાધિકા લાઠીયા, જિલ્લા રમતગમત અધિકારી વિરલ પટેલ, હરિઓમ આશ્રમ-સુરતના મેનેજિંગ ટ્રસ્ટી શૈલેષભાઈ ગોટી, બિપીનભાઈ સહિત ખલાસીઓ, સ્પર્ધકો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ સાયન્સ કોલેજ ખાતે ઇ.વી.એમ મશીનો ચૂંટણી લડતા ઉમેદવારોની હાજરી વચ્ચે સ્ટ્રોંગ રૂમમાં શીલ કરાયા

### ઝાલોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમા ૭૬.૦૮% મતદાન યોજાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ નગરમાં ૧૬ ફેબ્રુઆરીએ નગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણી સવારના સાત વાગ્યા થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાઈ હતી. વોર્ડ નંબર ૫ ના ભાણપુરાના બુથ મથકે રાત્રીના ૮:૩૦ સુધી મતદાન યોજાયું હતું. ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીમાં ૭૬.૦૮% મતદાન યોજાયું હતું. જેમાં ૧૨૪૫૫ પુરુષ મતદારો તેમજ ૧૨૭૬૦ સ્ત્રી મતદારોએ મતદાનમા ભાગ લીધો હતો. ચૂંટણી લક્ષી કામગીરી કરતા વિવિધ વોર્ડ તેમજ બુથ મથકના પ્રિસાઈન્ડીંગ ઓફિસર દ્વારા હાજર બુથ મથકના એજન્ટોની વચ્ચે ઈ.વી. એમ મશીન શીલ કરવામાં આવ્યું હતું. પ્રિસાઈડીંગ અધિકારીઓ દ્વારા પોલિસ બંદોબસ્ત સાથે આ ઈ.વી.એમ મશીનો ઝાલોદ ચૂંટણી અધિકારી અજય ભાટીયા તેમજ નાયબ ચૂંટણી અધિકારી પરમારની હાજરીમાં ચેક કરાવી સાઈન્સ કોલેજ ખાતે આવેલ ઈ.વી.એમ મશીનો મુકવામાં આવ્યા હતા. ઝાલોદ ચૂંટણી અધિક્ષક અજય ભાટીયા દ્વારા ઉપસ્થિત ઉમેદવારો કે તેના સહયોગીને સ્ટ્રોંગ રૂમમાં મુકેલ ઈ.વી.એમ મશીનો બરાબર છે કે નહીં તે ચેક કરાવેલ હતા. ત્યારબાદ હાજર ઉમેદવારો કે તેના પ્રતિનિધિઓ અને પોલીસ સ્ટાફને સાથે રાખી સ્ટ્રોંગ રૂમને શીલ મારવામાં આવ્યું હતું.

### હિમોફિલિયાના દર્દીઓની પડખે ગુજરાત સરકાર

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪માં હિમોફિલિયાના દર્દીઓ માટે રૂ.૮ કરોડના ખર્ચે જીવનરક્ષક ક્લોટીંગ ફેક્ટર ઇંજેક્શન પુરા પાડવામાં આવ્યા

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

હિમોફિલિયા એ લોહી ગંઠાવા માટે જરુરી ક્લોટીંગ ફેક્ટર-૭, ૮ અને ૯ ની જન્મજાત ઉણપ થી થતી દુલર્ભ બીમારી છે. આ ક્લોટીંગ ફેક્ટરની ઉણપ લોહીની ગંઠાઈ જવાની ક્ષમતાને અસર કરે છે જેથી આ બીમારીથી પીડીત દર્દી ને સામાન્ય ઈજા પછી પણ સ્વયંભૂ રક્તસ્રાવ થાય છે અને લાંબા સમય સુધી રક્તસ્રાવ ચાલુ રહે છે.

હિમોફિલિયા બીમારી વિશે ની વધુ વિગતો જણાવતા ડૉ.રાકેશ જોશી એ જણાવ્યુ હતુ કે, હિમોફીલીયા ના દર્દીઓને રક્તસ્રાવના એપિસોડને રોકવા માટે આ ક્લોટીંગ ફેક્ટર-૭, ૮ અથવા ૯ ના ઈન્જેક્શનની જરૂર પડતી હોય છે. જો કે, આ સારવાર માટે જરુરી એવા ક્લોટીંગ ફેક્ટર-૭, ૮ અને ૯ ઈન્જેક્શન મોંઘા હોવાથી કોઈ ને પણ પરવડે તેમ હોતા નથી.

રાજ્ય સરકાર દ્વારા જીએમએસસી એલ મારફતે ખરીદી કરી આ ઈન્જેક્શનો સરકારી સિવિલ હોસ્પિટલોમાં તમામ જરુરીયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક આપવામાં આવે છે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદ ની વાત કરી એ તો વર્ષ ૨૦૨૪ માં કુલ ૧૫૩ દર્દીઓને હિમોફીલીયાની સારવાર અંતર્ગત રક્તસ્રાવની રોકથામ એટલે કે પ્રિવેન્શન માટે તેમજ રક્ત સ્રાવ શરુ થયો હોય તો તેને બંધ કરવા માટે વિવિધ ફેક્ટર ( ફેક્ટર-૭, ૮, ૯) ના ઈન્જેક્શન આપી તેમનો જીવ બચાવવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, ઉક્ત ૧૫૩ માંથી ૧૮ હિમોફીલીયા ના દર્દી બીજી કોઈ બીમારી ના કારણે ઓપરેશનની જરુર હોય તેવા હતા જેમનુ ઓપરેશન આ ફેક્ટર ના ઈન્જેક્શન આપીયે તો જ શક્ય બને તેમ હતુ.

જો વિવિધ ફેકટર ઈન્જેક્શન ની વાત કરી એ તો વર્ષ ૨૦૨૪ માં ૧ કરોડ ૪૬ લાખ ૮૭ હજાર ના ફેક્ટર-૮ , ૯૬ લાખ ૫૯ હજાર ના ફેક્ટર-૯, ૪૩ લાખ ૬૮ હજાર ના ફેક્ટર -૭ અને ફેક્ટર-૯ ઈનહીબીટર,

અંદાજીત ૭૦ લાખ ના ફેક્ટર-૭ તેમજ ૪ કરોડ ૫૦ લાખ કરતા વધારે ના રક્ત સ્રાવ રોકવા માટે ના EMICIZUMAB ઈંજેક્શનો મળી કુલ ૮ કરોડ ૮ લાખ કરતા વધુ ની સારવાર રાજ્ય સરકાર ના આરોગ્ય વિભાગ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે થી કરવામાં આવી હોવાનું સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશી એ જણાવ્યુ હતુ.

# પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સુરત શહેરના વેડરોડ ખાતે રાજકોટ ગુરૂકુળ સંસ્થા દ્વારા સંચાલિત સ્વામિનારાયણ ગુરૂકુલ અને સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી

। (માહિતી) સુરત, તા.૧૭ ।

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે સુરત શહેરના વેડરોડ ખાતે રાજકોટ ગુરૂકુળ સંસ્થા દ્વારા સંચાલિત સ્વામિનારાયણ ગુરૂકુલ અને સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું પૂજન-અર્ચન કરીને સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ઉદ્યોગકાર અને ગુરૂકુલના ભુતપૂર્વ વિદ્યાર્થી રાકેશભાઈ દુધાતે શ્રી રામનાથ કોવિંદજીને આવકારતા જણાવ્યું કે, સંત શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ સાંસ્કૃતિક વિરાસતના પુનઃસ્થાપન માટે ઈ.સ. ૧૯૪૮માં રાજકોટમાં પ્રથમ ગુરૂકુળની સ્થાપના કરી હતી. આજે સમગ્ર ભારતમાં



૬૦ ગુરૂકુળ સાથે ૪૦ હજાર વિદ્યાર્થીઓ સંસ્કારોની સાથે વિદ્યા ગ્રહણ કરી રહ્યા છે. પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીને અભ્યાસ કરાવી ડોક્ટર, વકીલ, એન્જીનિયર બનાવવા એ સાચું શિક્ષણ નથી, પરંતુ 'ઈન્સાન'-માણસ બનાવવો, સંસ્કારવાન અને સભ્ય બનાવવો એમાં જ શિક્ષણની સાર્થકતા સમાયેલી છે. તેમણે સુરત સ્વામિનારાયણ ગુરૂકુલમાં શિક્ષણ અને ધર્મનો સુભગ સમન્વય થયો છે એમ જણાવી શાંતિ પમાડે તેને સંત કહેવાય, સંતની સમીપ જતા શાંતિ અને પરમ ઉર્જાનો અનુભવ થાય એ ખરા અર્થમાં સંત છે. સાચા માર્ગે જીવન જીવતો વ્યવહારિક વ્યક્તિ પણ સંત છે એમ જણાવી સંતત્વ અને શિક્ષણમાં ધર્મ અને કર્મપરાયણતાનું મહત્વ સમજાવ્યું હતું. શ્રી રામનાથ કોવિંદે ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સેવાકાર્યો, ધર્મકાર્યોનો વ્યાપ જોવા મળ્યો છે, પરંતુ આવનારા સમયમાં અન્ય રાજ્યોમાં પણ આ સદકાર્યોની સુવાસ પ્રસરે, ગુરૂકુલ પરંપરા જીવંત રહે ગૌરવ પૂર્ણ, ઓજસ્વી એવી ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર થાય અને અન્ય રાજ્યોના નાગરિકોને પણ સાચા સદમાર્ગે વળવાની પ્રેરણા મળે એવી અપેક્ષા વ્યકત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ રાજકોટ ગુરૂકુળ સંસ્થા, અને તમામ ગુરૂકુળની સેવાભાવનાને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી વેડરોડ ગુરૂકુળના સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજીએ જણાવ્યું હતું કે, યુવાપેઢીમાં વિદ્યાની સાથે સંસ્કાર ભળે ત્યારે માનવથી મહામાનવ બને છે, આ સદકાર્ય ગુરૂકુળના માધ્યમથી થઈ રહ્યું છે એમ જણાવી સર્વના કલ્યાણની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે રામનાથ કોવિંદના હસ્તે રમત ગમત, યોગ તથા અભ્યાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનારા ગુરૂકુળના વિદ્યાર્થીઓ, હરિભકતોનું સન્માન કરાયું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**
ફિટનેસ તથા વેટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂ પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. પોતાના પર દયા ખાવામાં સમય વેડફવા કરતાં જીવનનો પાઠ શીખવાનો પ્રયાસ કરો.

**કર્ક (ડ,હ) :**
આજે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે થોડી ધીરજ રાખજો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે ટૅન્શનમુક્ત અને શાંત રહેવાનો પ્રયાસ કરવો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે. પ્રસ્થાપિત લોકો સાથે તથા એવા લોકો જેઓ તમને ભાવિ પ્રવાહો વિશે માહિતગાર કરાવી શકે છે તેમની સાથે સંકળાઓ.

**તુલા (ર,ત) :**
આજે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.

**મકર (ખ,જ) :**
આજે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે મિત્રો સાથે વિતાવેલ સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અંગે સાવચેત રહેજો. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. પોતાના પર દયા ખાવામાં સમય વેડફવા કરતાં જીવનનો પાઠ શીખવાનો પ્રયાસ કરો.

# ભીડના ભારે દબાણને કારણે UPનું રેલ્વે સ્ટેશન કર્યું બંધ

## મહાકુંભ મેળામાં ભારે ભીડને કારણે, ઉત્તર મધ્ય રેલ્વે ના પ્રયાગરાજ સંગમ રેલ્વે સ્ટેશનને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૭ ।

મહાકુંભ મેળામાં ભારે ભીડને કારણે, ઉત્તર મધ્ય રેલ્વે ના પ્રયાગરાજ સંગમ રેલ્વે સ્ટેશનને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. રેલવેએ પહેલા ૧૪ ફેબ્રુઆરી સુધી સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લીધો હતો, પછી ૧૬ ફેબ્રુઆરી સુધી, પરંતુ ભીડનું દબાણ ઓછું ન થતાં, હાલ પૂરતું સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ સ્ટેશનથી ટ્રેન પકડનારાઓએ હવે ફાફામાઉ રેલ્વે સ્ટેશન જવું પડશે.પ્રયાગરાજ વિસ્તારના નવ સ્ટેશનોમાંથી એક, પ્રયાગરાજ સંગમ, મેળા વહીવટીતંત્રની માંગ પર અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ વિસ્તારના બાકીના ૮ સ્ટેશનો સામાન્ય રીતે કાર્યરત રહેશે. મહાકુંભ મેળામાં ભારે ભીડને કારણે, ઉત્તર મધ્ય રેલ્વે (NCR) ના પ્રયાગરાજ સંગમ રેલ્વે સ્ટેશનને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. રેલવેએ પહેલા ૧૪ ફેબ્રુઆરી સુધી સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લીધો હતો, પછી ૧૬ ફેબ્રુઆરી સુધી, પરંતુ ભીડનું દબાણ ઓછું ન થતાં, હાલ પૂરતું સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ સ્ટેશનથી ટ્રેન પકડનારાઓએ હવે ફાફામાઉ રેલ્વે સ્ટેશન જવું પડશે.પ્રયાગરાજ વિસ્તારના નવ સ્ટેશનોમાંથી એક, પ્રયાગરાજ સંગમ, મેળા વહીવટીતંત્રની માંગ પર અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ વિસ્તારના બાકીના ૮ સ્ટેશનો સામાન્ય રીતે કાર્યરત રહેશે.તેમણે કહ્યું કે આ પ્રોટોકોલ હેઠળ, પ્રયાગરાજ જંકશનમાં પ્રવેશ શહેર બાજુથી અને બહાર નીકળવાનો રસ્તો સિવિલ લાઈન્સ બાજુથી કરવામાં આવી રહ્યો છે અને મુસાફરોને ટ્રેન પ્લેટફોર્મ પર આવે ત્યાં સુધી હોલ્ડિંગ એરિયામાં રાખવામાં આવે છે. પ્રયાગરાજ જંકશન પર તૈનાત RPF ઈન્સ્પેક્ટર શિવ કુમારે જણાવ્યું હતું કે પ્રયાગરાજ જંકશન પર ભીડ નિયંત્રણમાં છે.રેલવે પોલીસના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) પ્રકાશ ડી.એ જણાવ્યું હતું કે ટ્રેનોની ક્ષમતા મર્યાદિત હોવાથી અમે મુસાફરોને રાખવા માટે હોલ્ડિંગ એરિયા ચિહ્નિત કર્યા છે. પ્લેટફોર્મની ક્ષમતા પણ મર્યાદિત છે. સ્ટેશન પર આવતા વધારાના મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં રાખવામાં આવે છે. પ્રકાશે કહ્યું કે પ્રયાગરાજમાં અમે ૯૦ હોલ્ડિંગ વિસ્તારો ઓળખી કાઢ્યા છે કારણ કે અમારી પાસે આઠ રેલ્વે સ્ટેશન છે. પ્રયાગરાજમાં દરરોજ ૫૦૦ ટ્રેનો દોડે છે અને અમે મુસાફરોને પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરીએ છીએ.

### ન્યૂઝ બ્રિફ

## ઈઝરાયેલે પેલેસ્ટાઈનના ૩૬૯ કેદીઓને મુક્ત કર્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

હમાસે અપહત કરેલા ઈઝરાયેલના નાગરિકોને છોડ્યા પછી ઈઝરાયેલે પણ શનિવારે પેલેસ્ટાઈનના ૩૬૯ કેદીઓને છોડી દીધા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ કેદીઓને એક ખાસ પ્રકારના ટી-શર્ટ પહેરાવીને મુક્ત કરવામાં આવ્યા છે. આ ટી-શર્ટ પર ‘અમે નહીં ભૂલીએ અને માફ નહીં કરીએ’ લખેલું છે. હકીકતમાં, હમાસ દરેક વખતે ઈઝરાયેલના બંધકોને છોડતા પહેલા એક કાર્યક્રમ યોજે છે. એમાં બંધકોને લાવવામાં આવે છે અને તેમની પાસે હમાસના વખાણ કરાવવામાં આવે છે. આ ઈવેન્ટમાં પેલેસ્ટાઈનના હજારો લોકો એકત્ર થાય છે. આ કાર્યક્રમને લીધે ઈઝરાયેલ નારાજ છે. આજે પણ હમાસે કાર્યક્રમ યોજીને ઈઝરાયેલના ત્રણ બંધકોને મુક્ત કર્યા હતા.

## પીએમ મોદી-મસ્કની મુલાકાતથી માતા માયે મસ્ક પણ રોમાંચિત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અબજોપતિ ઉદ્યોગપતિ એલન મસ્ક વચ્ચેની મુલાકાતથી એલન મસ્કના માતા માયે મસ્ક પણ ઉત્સાહિત બન્યાં હતાં અને તેમણે ટ્વીટર પોસ્ટ મારફત પોતાનો રોમાંચ વ્યક્ત કર્યો હતો. DogeDesignerની ટ્વીટર પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે “બ્રેકિંગઃ એલન મસ્ક આજે વોશિંગ્ટનમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મળ્યા.” આ પોસ્ટમાં પીએમ મોદી અને મસ્કની મુલાકાતનો વીડિયો પણ શેર કરાયો હતો. આ જ પોસ્ટને ટાંકીને માયે મસ્કએ લખ્યું “લવ માય પૌત્રો. પોસ્ટના અંતમાં હાર્ટના ત્રણ પ્રતિક મૂક્યાં હતાં. સોયર મેરિટે પણ મસ્ક-મોદીની મુલાકાત અંગે એક પોસ્ટ કરી હતી, જેને માયે મસ્કે શેર કરી હતી. મેરિટે બ્લેર હાઉસમાં પ્રવેશતા એલન મસ્કનો વીડિયો પોસ્ટ કર્યો હતા, જ્યાં પીએમ મોદી રોકાયા હતાં. મસ્કની સાથે તેમની ગર્લ ફ્રેન્ડ અને ત્રણ બાળકો પણ હતાં. તેમણે લખ્યું હતું કે એલન મસ્ક ભારતના વડાપ્રધાન મોદી સાથે મુલાકાત માટે પહોંચ્યા છે.પીએમ મોદીએ લખ્યું હતું કે એલન મસ્કના પરિવાર સાથે મુલાકાત અને અનેક મુદ્દા પર વાતચીત કરવી તે ખુશીની બાબત છે. પીએમ મોદીની પોસ્ટને ટાંકીને મસ્કે પણ લખ્યું હતું કે મોદી સાથેની મુલાકાત સન્માનની બાબત છે.

### કેજરીવાલની મુશ્કેલીઓ વધી

# ‘શીશ મહેલ’ની તપાસના આદેશ આપવામાં આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ અટકવાનું નામ નથી લઈ રહી. પહેલા દિલ્હીમાં પોતાની બેઠક સાથે સત્તા ગુમાવી દીધી અને હવે ‘શીશ મહેલ’ની ઘટના તેને પરેશાન કરી રહી છે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD)ને ૬, ફ્લેગસ્ટાફ રોડ, સિવિલ લાઈન્સ ખાતે આવેલા ‘શીશ મહેલ’ના નવીનીકરણ અને વિસ્તરણ દરમિયાન બાંધકામના ધોરણોનું ઉલ્લંઘન થયાના આરોપોની વિગતવાર તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.

જેમાં એવું કહેવામાં આવ્યું છે કે ૪૦૦૦૦ ચોરસ યાર્ડ (૮ એકર)માં વૈભવી બંગલાના નિર્માણ માટે મકાન નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.મહત્વનું છે કે, ૧૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ અરવિંદ કેજરીવાલના પૂર્વ નિવાસસ્થાન પર ગેરકાયદેસર બાંધકામ અંગે સીવીસીમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે CPWD દ્વારા અરવિંદ કેજરીવાલના સત્તાવાર મુખ્યમંત્રી નિવાસસ્થાન



અંગે તથ્યપૂર્ણ અહેવાલ રજૂ કર્યા બાદ CVCએ ૧૩ ફેબ્રુઆરીએ તપાસનો આદેશ આપ્યો હતો.આ તપાસ ભાજપ તરફથી વધી રહેલા રાજકીય દબાણ વચ્ચે થઈ રહી છે. થોડા દિવસ પહેલા દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ અગાઉ લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાને પત્ર લખીને ચાર સરકારી મિલકતોના વિલીનીકરણને રદ કરવા વિનંતી કરી હતી. સચદેવાએ આરોપ લગાવ્યો હતો કે, મુખ્યમંત્રીના નિવાસસ્થાનને અડીને આવેલી સરકારી મિલકતોનો સમાવેશ કરીને ગેરકાયદેસર રીતે વિસ્તૃત કરવામાં આવ્યું છે.

### પરિણામોના સપ્તાહ પછી પણ CM અંગે સસ્પેન્સ

# દિલ્હીમાં મુખ્યમંત્રીનું નામ બે દિવસમાં જાહેર કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયાને એક સપ્તાહ કરતાં વધુ સમય થઈ ગયો છે. ભાજપને મળેલી સ્પષ્ટ બહુમતિ છતાં હજી સુધી મુખ્યમંત્રીના નામ અંગેનું સસ્પેન્સ યથાવત રહ્યું છે. દિલ્હી ભાજપના અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાએ આપેલાં સંકેતો અનુસાર, દિલ્હીની કમાન કોને સોંપાશે તે જાણવા માટે થોડી રાહ જોવી પડશે. એક સવાલના જવાબમાં સચદેવાએ જણાવ્યું હતું કે, અમે એકાદ- બે દિવસમાં તમને સારા સમાચાર આપીશું. નવા મુખ્યમંત્રીની પસંદગી પહેલાં, ભાજપ વિધાનસભા પક્ષની બેઠકની અધ્યક્ષતા માટે ઓછામાં ઓછામાં બે કેન્દ્રીય નિરીક્ષકની નિમણૂક કરાશે



જે ગૃહના નેતાની પસંદગી કરશે. સરકાર રચવામાં વધુ પડતો વિલંબ થઈ રહ્યો હોવાની વાતને ફગાવતાં તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે આ કવાયતમાં ૭-૮ દિવસ થઈ જતાં હોય છે. મારા મતે આ મામલે કોઈ વિલંબ નથી થયો. નવા મુખ્યમંત્રીનું નામ જાહેર કરવાના સચદેવાના ઈનકારથી, નવી સરકારની રચનાનો શપથ ગ્રહણ કાર્યક્રમ ૧૯ ફેબ્રુઆરીએ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં યોજાવાની દિલ્હી ભાજપ માં ચાલતી અટકળોને વેગ મળ્યો છે. નવી દિલ્હીઃ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન(એમસીડી)ના આપના ત્રણ કાઉન્સિલર ભાજપમાં જોડાઈ ગયાં હતાં. દિલ્હી ભાજપના અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાની હાજરીમાં આપના અનિતા બસોયા, નિખિલ ચપ્રાણા તથા ધર્મવીર ભાજપમાં જોડાયાં હતાં. આ ત્રણ સભ્યો જોડાતાં દિલ્હી મ્યુ. કોર્પોરેશનમાં ભાજપના કાઉન્સિલર્સની સંખ્યા વધીને ૧૧૩ થઈ છે, જેને પરિણામે કોર્પોરેશનમાં પણ આપને ખદેડી ભાજપ સત્તામાં આવે તેવી શક્યતા છે. દિલ્હી મ્યુ. કોર્પોરેશનમાં કુલ ૨૫૦ બેઠકો છે. જેમાંથી આપના કાઉન્સિલર્સની સંખ્યા ૧૨૧ છે.



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના ત્રિવેણી ઘાટ ખાતે મહાકુંભ મેળા દરમિયાન સંગમ સ્નાન કરતા ભાવિભક્તો.

## માસી સાથે બળાત્કારનો પ્રયાસ કરનાર પુત્રની માતાએ હત્યા કરી

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૭ ।

આંધ્રપ્રદેશના પ્રકાશમ જિલ્લામાં એક મહિલાએ પોતાના પુત્રના અભદ્ર વ્યવહારથી પરેશાન થઈને છેવટે તેની હત્યા કરી દીધી હોવાની ઘટના બની છે. મહિલાએ તીક્ષ્ણ હથિયારથી પોતાના પુત્ર પર ઘા કર્યા હતા, જેના કારણે તેનું મોત થયું હતું. ત્યાર પછી મહિલાએ પોલીસથી બચવા માટે સંબંધોની મદદ લઈને પુત્રના મૃતદેહને કાપીને પાંચ ટુકડા કરી નાખ્યા હતા. મૃતદેહના ટુકડાઓને ત્રણ બોરીઓમાં ભરીને પાસેના જ કુમ્બમ ગામની નકલાગંડી નહેરમાં ફેંકી દીધો છે. પ્રકાશમ જિલ્લાના પોલીસ અધિકારી એ.આર.દમોદરે જણાવ્યું કે મહિલા લક્ષ્મી દેવી (૫૭) પોતાના પુત્રના અભદ્ર અને અનુચિત વ્યવહારને લીધે ખૂબ પરેશાન રહેતી હતી. તેના પુત્રના લગ્ન થયા ન હતા અને એ સફાઈ કર્મી તરીકે કામ કરતો હતો. ૧૩મી ફેબ્રુઆરીએ મહિલાએ તીક્ષ્ણ હથિયાર વડે તેની હત્યા કરી દીધી હતી. આરંભની તપાસમાં જાણવા મળ્યું કે લક્ષ્મી દેવીની સાથે તેના અન્ય સંબંધીઓએ પણ હત્યામાં તેને મદદ કરી હતી. પોલીસ મુજબ મૃતક પ્રસાદે બેંગલુરુ, ખમ્મમ અને હૈદરાબાદમાં પોતાની માસી અને અન્ય સંબંધીઓ સાથે બળાત્કારની કોશિશ કરી હતી.

# મહાકુંભ : સીઆરપીએફના જવાનોએ ચોવીસ કલાક યાત્રાળુઓની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરી; કટોકટીની દરેક પરિસ્થિતિને સંભાળવા માટે તૈયાર





। (પીઆઈબી) નવી દિલ્હી ।

મહાકુંભ ૨૦૨૫ની ભવ્યતા વચ્ચે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ) શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સેવા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેમનું સમર્પણ અને દેશભક્તિ આ ભવ્ય ધાર્મિક મેળાવડામાં એક નોંધપાત્ર ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. સીઆરપીએફના જવાનો ઘાટ, મેળાના મેદાનો અને મુખ્ય માર્ગો પર ચોવીસ કલાક સુરક્ષા જાળવી રહ્યા છે. આધુનિક ટેકનોલોજી અને સતર્ક દેખરેખ સાથે તેઓ કોઈપણ કટોકટીની પરિસ્થિતિને સંભાળવા માટે સારી રીતે તૈયાર છે.

ક્રાઉડ મેનેજમેન્ટ અને માર્ગદર્શનમાં નિર્ણાયક ભૂમિકા

ભારે ભીડની વચ્ચે સીઆરપીએફના જવાનો સક્રિય રીતે શ્રદ્ધાળુઓને માર્ગદર્શન અને સહાય પૂરી પાડી રહ્યા છે. તેમનું નમ્ર વર્તન અને તત્પરતા મુલાકાતીઓ માટે સરળ અનુભવની ખાતરી કરી રહી છે. સીઆરપીએફની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ કોઈપણ સંકટ પરત્વે ઝડપથી પ્રતિક્રિયા આપવા માટે હાઈ એલર્ટ પર છે. વધુમાં, આ દળ ખોવાયેલા બાળકો અને વૃદ્ધ વ્યક્તિઓને તેમના પરિવાર સાથે ફરીથી જોડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યું છે.

નેશન ફર્સ્ટઃ સેવા અને સમર્પણનો કરાર

સીઆરપીએફનો દરેક જવાન ‘રાષ્ટ્ર પ્રથમ‘ની ભાવના સાથે મહા કુંભમાં પોતાની ફરજ બજાવી રહ્યો છે. તેમની અવિરત પ્રતિબદ્ધતા અને સમર્પણ આ ઘટનાના આધ્યાત્મિક સારને વધુ વધારી રહ્યા છે. મહાકુંભ ૨૦૨૫માં સીઆરપીએફની નિઃસ્વાર્થ સેવા અને નિષ્ઠા માત્ર સુરક્ષાની ભાવના જ નથી જગાવી રહી, પરંતુ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ પણ સેવા આપી રહી છે.

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'તેજતૃષા મહોત્સવ ૨૦૨૫' યોજાયો






। અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'તેજતૃષા મહોત્સવ ૨૦૨૫' યોજાયો હતો. જે અંતર્ગત યુનિવર્સિટીનાં વિવિધ અભ્યાસકેન્દ્રોમાં અભ્યાસ કરતા ૮૮૯ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા અને જ્ઞાન ધારા, રંગ કલા કૌશલ્ય, સર્જનાત્મક અભિવ્યક્તિ, ગીત સંગીત ધારા, નાટ્યધારા અને નૃત્ય ધારા જેવી વિવિધ ૪૧ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું.

'તેજતૃષા મહોત્સવ-૨૦૨૫' કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં ગુજરાતના જાણીતા વક્તા શ્રી જય વસાવડાએ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, જિંદગી જીવવા માટે માણસને પોતાનું લક્ષ્ય હોવું જોઈએ અને એ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને સફળતાનાં શિખરો સર કરવા જોઈએ, તેમ દરેકની એક આંખમાં તેજ અને બીજી આંખમાં ભેજ હોવો જોઈએ. આ તેજ એટલે શું અને ભેજ એટલે શું તેનાં ખૂબ ઉત્તમ ઉદાહરણો આપી યુવાનોને પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું.

આ તકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયએ યુનિવર્સિટીની સિદ્ધિઓ વર્ણવી હતી અને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ પ્રકલ્પ વિશે માહિતીગાર કર્યો હતા તેમજ 'તેજતૃષા મહોત્સવ'નું મહત્ત્વ સમજાવતાં તેઓ જણાવ્યું કે, 'તેજતૃષા મહોત્સવ'ની શરૂઆત વર્ષ-૨૦૧૯માં કરવામાં આવી હતી. જેમ આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે ઉંમરનો કોઈ બાધ નથી તેમ આ પ્રતિભા મહોત્સવમાં કોઈ પણ ઉંમરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે અને પોતાની કળાને-સ્કિલને-આવડતને રજૂ કરવા માટે આ યુનિવર્સિટીએ મંચ આપ્યો છે. હકીકત એ છે કે દરેક વ્યક્તિમાં કોઈપણ પ્રકારે તેજ રહેલું હોય છે એ તેજને બહાર લાવવા માટે જે તરસ છે, તે તૃષા છે અને એટલે જ આ મહોત્સવને 'તેજતૃષા' નામ આપવામાં આવ્યું. તેમણે આગામી સમયમાં યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવનારા સિનેમાના અભ્યાસક્રમ વિશે માહિતી આપી હતી.

આ તકે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનારા સ્પર્ધકોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારા સ્પર્ધકોને શિલ્ડ આપી, સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે યુનિવર્સિટીના કુલસચિવ શ્રી ડૉ. એ.કે. જાડેજા,

પ્રો. ડૉ. પ્રિયાંકી વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સંજય પટેલ, ડૉ. નિશા જોષી, ડૉ. કૃતિ છાયા ઉપ સ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યક્રમનું સંચાલન પ્રો. દિગીશ વ્યાસે કર્યું હતું.

## ગુજરાતના નાગરિકોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મોટી ભેટ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગ વધારવાના હેતુથી શહેરી જનસુખાકારીના કામો માટે નાણાં ફાળવણીનો ઉદાત્ત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ તેમની સમક્ષ મહાનગરપાલિકાઓ, નવરચિત મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના જનસુખાકારી વિકાસ કામો માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા રજૂ થયેલી દરખાસ્તોના અનુસંધાને એક જ દિવસમાં એક સાથે કુલ ૫૩૭.૨૧ કરોડ રૂપિયા મંજૂર કરીને પારદર્શી અને ઝડપી નિર્ણય શક્તિનું વધુ એક દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

★અમદાવાદ મહાનગરપાલિકાને મળશે નવી ૨૬૭ ઈલેક્ટ્રિક બસ

★અમદાવાદ સહિત ચાર મહાનગર પાલિકાઓ માટે રૂ.૩૦૯.૭૮ કરોડ

★નવરચિત પોરબંદર મહાનગર પાલિકાને સિટી બ્યુટીફિકેશન અને સફાઈ કામગીરી માટે રૂ.૧૩.૩૫ કરોડ સહિત ૨૫ કરોડ રૂપિયા મંજૂર

★દ્વારકા નગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામો માટે રૂ.૧૩૧.૭૬ કરોડ ફાળવાશે

★બેટ દ્વારકા, નાગેશ્વર અને શિવરાજ પુર પ્રવાસનધામની મુલાકાતે આવનારા પ્રવાસીઓ તથા દ્વારકાના નગરજનોને ટ્રાફિક જામની સમસ્યાથી મુક્તિ મળશે

★વિસનગર-પાલનપુર-ટંકારા-કેશોદ-સિદ્ધપુર અને માંડવી નગરપાલિકાઓને કુલ રૂ.૭૦.૪૮ કરોડ

આ સંદર્ભમાં તેમણે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને ભાવનગર એમ ચાર મહાનગરપાલિકાઓને કુલ રૂ.૩૦૯.૭૨ કરોડ જનસુખાકારીના કામો માટે ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદનુસાર, ગાંધીનગર મહાનગર પાલિકાને ખાનગી સોસાયટી જનભાગીદારીના ૧૦ કામો માટે રૂ.૩.૯૮ કરોડ, ભાવનગર મહાનગરપાલિકાને ડ્રેનેજ નેટવર્ક, વોટર સપ્લાય, રોડ અને સ્ટ્રીટ લાઈટના કામો માટે આંતરમાળખાકીય સુવિધા વૃદ્ધિ અન્વયે રૂ.૩૫ કરોડ ફાળવવામાં આવશે. આ ઉપરાંત રાજકોટ મહાનગરમાં રાજકોટ-જેતપુર માર્ગ ફોર લેનથી સિક્સ લેનમાં NHAI દ્વારા રૂપાંતરિત કરવાની ચાલી રહેલી કામગીરીના સંદર્ભમાં પાણી પુરવઠા આધારિત પાઈપલાઈન શિફ્ટ કરવાના કામો માટે રૂ.૨૧૨.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

## બુધવારથી વિધાનસભાનું બજેટ સત્ર, પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાશે

### ૬૯૦થી વધુ પોલીસ જવાનોને ફરજ સોંપવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

આગામી બુધવાર ૧૯ ફેબ્રુઆરીથી વિધાનસભાનું બજેટ સત્ર મળી રહ્યું છે ત્યારે ગાંધીનગર પોલીસ દ્વારા શહેરમાં સઘન સલામતી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવનાર છે. પાટનગરના પ્રવેશદ્વારો ઉપર સતત વાહન ચેકિંગની સાથે સત્યાગ્રહ છાવણી સહિત મુખ્ય સર્કલો ઉપર સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આ વખતે ૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી મળવાનું છે ત્યારે દર વખતની જેમ આ વખતે પણ ગાંધીનગર પોલીસ દ્વારા સત્ર દરમિયાન ગાંધીનગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર પોલીસ ઉપરાંત આસપાસના જિલ્લાઓના પોલીસ જવાનો તેમજ એસઆરપી જવાનોને ફરજ સોંપવામાં આવી છે. વિધાનસભા ગૃહની અંદર ગાંધીનગર પોલીસના જવાનો સાર્જન્ટની ભૂમિકામાં ફરજ બજાવશે તો સચિવાલય સંકુલમાં પણ સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. અહીં પ્રવેશ વગર કોઈને પણ મંજૂરી આપવામાં આવશે નહીં. સત્રને લઈ શહેરના પ્રવેશદ્વારો ઉપર પણ સઘન વાહન ચેકિંગની ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.ગાંધીનગરમાં સત્ર દરમિયાન સ્વૈચ્છિક સામાજિક સંગઠનોની સાથે સરકારી કર્મચારીઓ પણ પોતાની માંગણી લઈને ગાંધીનગરમાં રેલી ધરણા ના કરે તે માટે પોલીસ દ્વારા ખાસ નજર રાખવામાં આવનાર છે. જે માટે સત્યાગ્રહ છાવણીની સાથે શહેરના મુખ્ય સર્કલો ઉપર પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે.

## ST કર્મચારીનું ચાલુ નોકરીએ અવસાન થાય તો પરિજનોને રૂ. ૧૪ લાખની સહાય અપાશે

### કર્મચારીઓ કોઈ પણ તહેવારની રજા લીધા વિના ફરજ પર હર હમેશ નિષ્ઠાથી કાર્યરત રહે છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ST નિગમના કર્મયોગીઓ માટે સંવેદનશીલ નિર્ણય કર્યો છે, જે અંતર્ગત STના કર્મચારીનું ચાલુ નોકરી દરમિયાન અવસાન થાય તો તેના કુટુંબને રૂ.૧૪/- લાખની સહાય આપવામાં આવશે તેમ, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને પહોંચાડવા માટે ST નિગમના કર્મચારીઓ કોઈ પણ તહેવારની રજા લીધા વિના ફરજ પર હર હમેશ નિષ્ઠાથી કાર્યરત રહે છે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મયોગીને કોઈ પણ પ્રકારે અવસાન થાય થાય ત્યારે રાજ્ય સરકાર દ્વારા તેના આશ્રિત કુટુંબને રૂ.૧૪ લાખની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

આ સહાય પહેલા ST નિગમમાં વિવિધ સેવાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ –૪ના નિયમિત કર્મચારીઓના આશ્રિત કુટુંબને કર્મચારીની બાકી રહેલ નોકરીના સમયગાળાને ધ્યાનમાં લઈને રૂ.૪/-લાખ, રૂ.૫/-લાખ અને રૂ.૬/-લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવામાં આવતી હતી. આ સિવાય ST નિગમના નિયુકત કરાયેલા પાંચ વર્ષિય ફિકસ પગારની કરારીય સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ ના અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબને રૂ. ૪ લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવામાં આવતી હતી. રાજ્ય સરકારના આ નિર્ણયથી નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને રૂ.૧૪/-લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવાની રહેશે.

આ ઉપરાંત વિવિધ કચેરીઓ ખાતે નિયુકત કરાયેલ પાંચ વર્ષિય ફિકસ પગારની કરારીય સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ના અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબને રૂ.૧૪ લાખ ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવામાં આવશે. અત્રે ઉલેખ્ખનીય છે કે, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ અને પાંચ વર્ષની ફિક્સ કરારીય સેવામાં નિમણુંક પામેલ કર્મચારીનું ચાલુ ફરજ દરમિયાન તા. ૧૨ ઓક્ટોબર ૨૦૨૩ કે ત્યારબાદ અવસાન પામનાર વર્ગ -૩ અને વર્ગ-૪ના ૧૫૩ કર્મચારીઓના આશ્રિત કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા ૨૧ કરોડથી વધુની સહાય આપ વામાં આવશે. જેમાં જૂની યોજના પ્રમાણે ૧૨૪ કર્મચારીઓના આશ્રિત કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા ૫ કરોડ ૩૨ લાખની સહાય કરવામાં આવી છે અને બાકીની સહાય પણ ટુક સમયમાં આપ વામાં આવશે એમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## જન્મના પ્રમાણપત્રમાં સુધારાને લઈને ગુજરાત હાઇકોર્ટનો મહત્વનો ચુકાદો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાત હાઈકોર્ટ દ્વારા જન્મના પ્રમાણપત્રમાં સુધારાને લઈને મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં હવેથી આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલ જન્મ તારીખ માન્ય રહેશે નહીં માત્ર જન્મના પ્રમાણપત્રમાં નોંધાયેલ તારીખ જ માન્ય રહેશે. મળતી માહિતી મુજબ, એક અરજદાર દ્વારા પોતાના જન્મના દાખલામાં તારીખ સુધારાની અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટે આજે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે અને જન્મના દાખલામાં તારીખ સુધારાની અરજી ફગાવી દેતા આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલ જન્મ તારીખ માન્ય રહેશે નહીં માત્ર જન્મના પ્રમાણપત્રમાં નોંધાયેલ તારીખ જ માન્ય રહેશે તેવું જાહેર કર્યું હતું. મહત્વનું છે કે, અગાઉ વર્ષો પૂર્વે કાઢવામાં આવેલા સરકારી દસ્તાવેજોમાં ક્યારેક બધા દસ્તાવેજોમાં અરજદારની જન્મ તારીખ અલગ-અલગ દર્શાવેલી જોવા મળતી હતી.

## નિકોલ વિસ્તારમાં રહેતો યુવક રહસ્યમય સંજોગોમાં લાપત્તા થયો

### વાહન લે-વેચની કામગીરી કરતો યુવક છ દિવસ પહેલા રહસ્યમય સંજોગોમાં લાપત્તા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતો અને વાહન લે-વેચની કામગીરી કરતો યુવક છ દિવસ પહેલા રહસ્યમય સંજોગોમાં લાપત્તા થયો હતો. જેને લઈને ક્રાઈમબ્રાંચે શરૂ કરેલી તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે.

આ યુવકની તેના જ બે નજીકના મિત્રોએ બેંક એકાઉન્ટમાં ધંધાકીય વ્યવહારના જમા થયેલા ૧૮ લાખ રૂપિયા મેળવવા માટે તેને દારૂ પીવાના બહાને કેનાલ પર બોલાવીને બેહોશ કરીને કેનાલમાં ફેંકી દીધો હતો. જો કે હત્યા કરનાર મિત્રો ૧૮ લાખની રકમ ટ્રાન્સફર કરી શક્યા નહોતા. ક્રાઈમબ્રાંચે નિકોલમાં રહેતા બે યુવકોની ધરપકડ કરીને સ્થાનિક પોલીસને હવાલે કર્યા છે.શહેરના નિકોલમાં રહેતો ૨૭ વર્ષીય જયેશ વણઝારા વાહન લે-વેંચનો વ્યવસાય કરે છે. તેના બેંક એકાઉન્ટમાં કોઈ ધંધાકીય વ્યવહાર અનુસંધાનમાં ૧૮ લાખ રૂપિયા જમા થયા હતા. ૯મી ફેબ્રુઆરીના રોજ સાંજ સાત વાગ્યાના સુમારે તે થોડીવારમાં આવુ છુ તેમ કહીને ગયા બાદ પરત આવ્યો નહોતો અને તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો. તેના પિતા સરદારભાઈએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

આ અનુસંધાનમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર ડી બી પટેલ અને તેમની ટીમ દ્વારા તપાસ કરતા માહિતી મળી હતી કે જયેશ લાપત્તા થયો તે કેસમાં તેના નજીકના બે મિત્રો સચીન પંચાલ અને વિવેક ખત્રીની સંડોવણી સામે આવી છે. તેથી ક્રાઈમબ્રાંચે નિકોલમાં રહેતા બે યુવકોની ધરપકડ કરીને સ્થાનિક પોલીસને હવાલે કર્યા છે.

## સિહોર પાસે જાનૈયાઓની બસમાં આગ, સર્જાયો અફરાતફરીનો માહોલ

। (એજન્સી) ભાવનગર, તા.૧૭ ।



ભાવનગર સિહોર પાસેથી દુર્ઘટના સામે આવી છે. જ્યાં જાનૈયાઓની બસમાં અચાનક આગ લાગી છે. સદનસીબે, સમયસૂચકતા દાખવીને તમામ જાનૈયાઓ બસમાંથી સલામત બહાર નીકળી ગયા હતા, જેના કારણે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. આપને જણાવી દઈએ કે, ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના બજુડ ગામમાં આજે સવારે પટેલ પરિવારના લગ્ન માટે ગારિયાધાર જઈ રહેલી ભૂમિ ટ્રાવેલ્સની લકઝરી બસમાં અચાનક આગ લાગી ગઈ હતી, જેના કારણે લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. ગામના ચોકમાં પાર્ક કરેલી બસમાં મુસાફરો ચઢવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે બસના એન્જિનમાં તણખાથી આગ લાગી ગઈ. સદનસીબે, બધા મુસાફરો સમયસર બસમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા, જેના કારણે કોઈ જાનહાનિ થઈ નહીં.ઘટનાની જાણ થતાં જ સોનગઢ પોલીસ અને સિહોર ફાયર બ્રિગેડના વાહનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ સતત પાણીનો છંટકાવ કરીને આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે, આગમાં બસ સંપૂર્ણપણે બળી ગઈ હતી. સોનગઢ પોલીસ સ્ટેશનના પીએસઆઈ સહિતના અધિકારીઓએ ઘટનાસ્થળે મુલાકાત લીધી હતી અને તપાસ કરી હતી. ભૂમિ ટ્રાવેલ્સના સંચાલકોએ તાત્કાલિક મહેમાનો માટે વૈકલ્પિક બસની વ્યવસ્થા કરી હતી જેથી લગ્ન સમારોહમાં કોઈ વિક્ષેપ ન પડે.

